CITYNEWSRAJKOT@GMAIL.COM | @CITY NEWS RAJKOT LIVE | @CITY NEWS RAJKOT | +91 81409 88883



સિટી ન્યૂઝ
સૌરાષ્ટ્રનો ધબકાર...
Digital Editions
Page 11
2002-2026 25 વર્ષ લગાતાર પ્રજાનો વિશ્વાસ
Year : 04, Issue : 68, Dt. 17-07-2026 (FRIDAY) Rs. 02/- Page : 30, RNI No. GUJGUJ/2023/84789

## ગુજરાતી અભિનેતા હિતેન કુમારનું સોનમ વાંગચૂકને સમર્થન

# આટલી બહેરી સરકાર કેવી રીતે હોઈ શકે : અભિનેતા

- હિતેન કુમારે કહ્યું સોનમ વાંગચૂક જેવા અમૂલ્ય વ્યક્તિત્વને કંઈ નૂકસાન ન થાય કારણ કે તેમનું નુકસાન દેશ માટે શરમજનક બની શકે
- ગંભીર ભૂલો માટે જવાબદાર લોકોએ જવાબદારી સ્વીકારવી જોઈએ : વાતચીતથી હલ નીકળી શકે



તસવીરઃ અક્ષય ગોંડલિયા



**હિતેન કુમારે સ્પષ્ટ કર્યુ કે હું કોઈ રાજકીય પક્ષનો વિરોધ નથી કરી રહ્યો; પરંતુ એક જાગૃત નાગરિક તરીકે આ પરિસ્થિતિને અત્યંત દુઃખદ અને લોકશાહી માટે ખત્તરનાક માને છે**

**સિટી ન્યૂઝ@રાજકોટ**

જાણીતા ગુજરાતી અભિનેતા હિતેન કુમારે દિલ્હીના જંતર-મંતર ખાતે છેલ્લા ૨૦ દિવસથી અનશન પર બેઠેલા પ્રખ્યાત શિક્ષણવિદ્ અને પર્યાવરણવાદી સોનમ વાંગચુકના સમર્થનમાં પોતાનો અવાજ ઉઠાવ્યો છે. સામાન્ય રીતે રાજકીય નિવેદનોથી દૂર રહેતા હિતેન કુમારે આ વખતે મૌન તોડી સરકારની નિષ્ક્રિયતા પર ગંભીર સવાલો ઉઠાવ્યા છે.

હિતેન કુમારે સ્પષ્ટ કર્યું કે તેઓ કોઈ ચોક્કસ રાજકીય પક્ષનો વિરોધ નથી કરી રહ્યા, પરંતુ એક જાગૃત નાગરિક તરીકે આ પરિસ્થિતિને અત્યંત દુખદ અને લોકશાહી માટે ખતરનાક માને છે. તેમણે સરકાર પર આકરો પ્રહાર કરતા સવાલ કર્યો કે, "આટલી નિર્ભર અને બહેરી સરકાર કેવી રીતે હોઈ શકે?"

તેમણે જણાવ્યું કે લદ્દાખ અને દેશની શિક્ષણ પ્રણાલી માટે મહત્વનું યોગદાન આપનાર વ્યક્તિ છેલ્લા ૨૦ દિવસથી પોતાના જીવનની પરવા કર્યા વગર ઉપવાસ પર બેઠા છે, છતાં સત્તાધીશો તેમની સાથે ચર્ચા કરવા પણ તૈયાર નથી જે સ્વીકાર્ય નથી. તેમણે સંબંધિત અધિકારીઓને અપીલ કરી કે માનવતા દાખવી વાંગચુક સાથે સંવાદ શરૂ કરવામાં આવે, કારણ કે કોઈપણ સમસ્યાનો ઉકેલ ચર્ચાથી જ શક્ય બને છે.

હિતેન કુમારે આ દરમિયાન દેશના યુવાનોની હાલત અને NEET પરીક્ષામાં થયેલી ગેરરીતિઓનો પણ ઉલ્લેખ કર્યો. તેમણે જણાવ્યું કે પરીક્ષાની ગડબડીઓના કારણે અનેક વિદ્યાર્થીઓ ગંભીર તણાવમાંથી પસાર થઈ રહ્યા છે અને માતા-પિતા પણ ચિંતામાં મુકાયા છે. આવી ગંભીર ભૂલો માટે જવાબદાર લોકોએ જવાબદારી સ્વીકારવી જોઈએ, એમ તેમણે કહ્યું.

અંતમાં તેમણે લોકશાહીના મૂળભૂત સિદ્ધાંતોને યાદ અપાવતા કહ્યું કે લોકશાહીમાં રાજા-પ્રજા નહીં, પરંતુ નાગરિક મહત્વનો છે. એક નાગરિક તરીકે પોતાનો અવાજ ઉઠાવવો ફરજ છે. તેમણે પ્રાર્થના કરી કે સોનમ વાંગચુક જેવા અમૂલ્ય વ્યક્તિત્વને કંઈ નુકસાન ન થાય, કારણ કે તેમનું નુકસાન દેશ માટે શરમજનક બની શકે. હિતેન કુમારે અંતે સ્પષ્ટ કર્યું કે તેમનો હેતુ વિવાદ ઊભો કરવાનો નથી, પરંતુ આ મુદ્દાનો વહેલો અને સકારાત્મક ઉકેલ આવે તેવો છે.



### સૌરાષ્ટ્રના સૌથી મોટા લોકમેળાનું કાઉન્ટ ડાઉન શરૂ

# લોકમેળાને ટેકનોલોજી ટચ AI ડ્રોનથી નજર રખાશે

- 228 સ્ટોલ : પ્લોટના ભાડામાં 2000થી 12000 સુધી ભાવ વધારો ઝીંકાતા વેપારીઓમાં રોષ
- ખાણીપીણીની કેટેગરીના સ્ટોલના બેઝ પ્રાઈઝમાં 2000 થી 5000 સુધી વધારો કરાયો
- રાઈડ્સ માટેના પ્લોટ અને મોટા સ્ટોલની કિંમતમાં પણ 5000 થી 8000 સુધીનો વધારો




**સિટી ન્યૂઝ@રાજકોટ**

સૌરાષ્ટ્રનો સૌથી મોટો લોકમેળો આ વર્ષે વધુ આધુનિક ટેકનોલોજી સાથે યોજાવા જઈ રહ્યો છે. પ્રથમ વખત લોકમેળામાં AI ટેક્નોલોજી યુક્ત ડ્રોન દ્વારા મોનીટરીંગ કરવામાં આવશે, જે સુરક્ષા અને વ્યવસ્થાપન માટે મહત્વપૂર્ણ પગલું માનવામાં આવી રહ્યું છે.આ વર્ષે લોકમેળામાં કુલ ૨૨૮ સ્ટોલ ફાળવવામાં આવશે, પરંતુ સ્ટોલ અને પ્લોટના ભાડામાં નોંધપાત્ર વધારો કરવામાં આવતા વેપારીઓમાં કચવાટ જોવા મળી રહ્યો છે. સ્ટોલના ભાડામાં રૂ. ૨,૦૦૦થી ૧૨,૦૦૦ સુધીનો વધારો કરાયો છે. ખાસ કરીને ખાણીપીણી કેટેગરીના સ્ટોલ માટે બેઝ પ્રાઈઝમાં રૂ. ૨,૦૦૦થી ૫,૦૦૦ સુધીનો વધારો નોંધાયો છે.તે ઉપરાંત રાઈડ્સ માટેના પ્લોટ તેમજ મોટા સ્ટોલની કિંમતમાં પણ રૂ. ૫,૦૦૦થી ૮,૦૦૦ સુધીનો વધારો કરાયો છે, જેને કારણે નાના અને મધ્યમ વેપારીઓ માટે ખર્ચનો ભાર વધી ગયો છે. આ ભાવવધારાને લઈને વેપારીઓમાં અસંતોષની લાગણી સ્પષ્ટ રીતે દેખાઈ રહી છે.લોકમેળા માટેના ફોર્મનું વિતરણ ૨૦ જુલાઈથી શરૂ કરવામાં આવશે, જે તોરલ બિલ્ડીંગ ખાતે આવેલી ઈન્ડિયન બેંકમાંથી ઉપલબ્ધ રહેશે. ફોર્મ સબમિટ કરવાની અંતિમ તારીખ ૨૮ જુલાઈ નક્કી કરવામાં આવી છે. આ વર્ષે આધુનિક ટેકનોલોજી સાથેનો આ લોકમેળો એક તરફ આકર્ષણનું કેન્દ્ર બનશે, તો બીજી તરફ વધેલા ખર્ચને લઈને વેપારીઓ માટે પડકારરૂપ પણ સાબિત થઈ શકે છે.




## લેબલમાં લૂંટ; આટકોટમાં નકલી કે શંકાસ્પદ દવાનો ધંધો બેફામ

# કૃષિ દવામાં કૌભાંડ; ખેડૂતો સાથે મોટો ખેલ: મેન્યુફેક્ચરિંગ ડેટ નવેમ્બર 2026, વેંચાણ અત્યારે ચાલુ

## દવા કે ધોખો; Dippy L-DAPમાં ભવિષ્યની તારીખે ઉઠાવ્યા સવાલો




મેન્યુફેકચરીંગ ડેટમાં 01-11-2026 તારીખ નાખવામાં આવી છે જે હજુ આવી જ નથી જેથી આમાં તારીખોમાં ગોલમાલ કરાયાનો થયો પર્દાફાશ

### આ દવા ખાતર છે તેનાથી શું થાય ?

- મૂળનો ઝડપી વિકાસ
- છોડને મજબૂત અને ઊંડા મૂળ આપે છે
- શરૂઆતમાં સારો ગ્રોથ (Early Growth)
- નવો પાક ઝડપથી ઉભો થાય અને સારી રીતે સેટ થાય
- ફૂલ અને ફળ વધારવા
- પાકમાં વધુ ફૂલ આવે અને ઉત્પાદન વધે
- પોષક તત્ત્વોની ઉપલબ્ધતા વધારવી
- ખાસ કરીને ફોસ્ફરસ (P) છોડને સરળતાથી મળે
- વરસાદ, તાપમાન કે ટ્રાન્સપ્લાન્ટિંગ બાદ છોડને મજબૂત બનાવે

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટ જિલ્લાના આટકોટ ખાતે જસદણ ચોકડી પર આવેલા શિવ પ્લાઝામાં ચાલતા કૃષિ દવાના વેપારમાં એક મોટો અને ચોંકાવનારો ખુલાસો થયો છે. અહીં શિવ પ્લાઝામાં શોપ નં. ૧૫ માં આવેલી 'ડો. કેમિસ્ટાર કૃષિમોલ' નામની ખેતીવાડીની દવાઓ અને ખાતરની દુકાનમાંથી આજે (તા. ૧૭/૦૭/૨૦૨૬ ના રોજ) એક ખેડૂત ગ્રાહક દ્વારા 'Dippy L-DAP' નામની દવાની ખરીદી કરવામાં આવી હતી. આ દુકાનમાંથી ખેડૂતોને ખુલ્લેઆમ છબરડાવાળી અને શંકાસ્પદ દવાઓ પધરાવવામાં આવતી હોવાનો કિસ્સો સામે આવતા સમગ્ર પંથકમાં ચકચાર મચી જવા પામી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, ગ્રાહકે જે 'Dippy L-DAP' દવાની ખરીદી કરી હતી, તે દવા સામાન્ય રીતે છોડના મૂળના ઝડપી વિકાસ, છોડની વહેલી સ્થાપના અને સારા ફૂલોના ઉછેર માટે ઉપયોગમાં લેવાય છે. પરંતુ આ જાગૃત અને સમજદાર ગ્રાહકે જ્યારે દવાની બોટલ પર મેન્યુફેક્ચરિંગ (ઉત્પાદન) અને એક્સપાયરી (અંતિમ) તારીખ તપાસી ત્યારે તેના હોશ ઉડી ગયા હતા. દવાના લેબલ પર એક્સપાયરી ડેટ તો ૩૧/૧૦/૨૦૨૮ હતી જે સામાન્ય હતી, પરંતુ મેન્યુફેક્ચરિંગ ડેટ ભવિષ્યની એટલે કે ૧/૧૧/૨૦૨૬ છાપવામાં આવી હતી! હજુ જે મહિનો અને તારીખ આવવામાં મહિનાઓ બાકી છે, તે તારીખે બનનારી દવા અત્યારથી જ બજારમાં વેચાવા લાગી છે, જે સ્પષ્ટપણે ઉત્પાદક કંપની અને વેપારીની ગેરરીતિની ચાડી ખાય છે.

આ સમગ્ર ઘટના દર્શાવે છે કે જગતના તાત ગણાતા ખેડૂતો સાથે દવાઓના નામે કેવા મોટા પાયે છેતરપિંડી થઈ રહી છે. ભવિષ્યની તારીખ છાપીને બજારમાં ઉતારી દેવામાં આવેલી આ દવા ખરેખર અસલી છે કે નકલી? તે અંગે પણ અનેક સવાલો ઊભા થયા છે. આ ઘટના બાદ આટકોટ પંથકના ખેડૂતોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. કૃષિ વિભાગ અને સંબંધિત તંત્ર દ્વારા તાત્કાલિક ધોરણે આ દુકાન તેમજ કંપની પર તપાસ કરી કડક કાનૂની કાર્યવાહી કરવામાં આવે તેવી લોકમાંગ ઉઠી છે. જો આવા તત્વો સામે દાખલારૂપ પગલાં લેવામાં નહીં આવે તો નિર્દોષ ખેડૂતોનો પાક અને પરસેવાની કમાણી બંને બરબાદ થવાની પૂરી શક્યતા છે.

## શિક્ષણના અધિકારનો ભંગ: ન્યૂ ફ્લોરા ઈંગ્લિશ મિડિયમ સ્કૂલ સામે ગંભીર આક્ષેપો

# RTE વિદ્યાર્થીઓ પાસે સ્કુલ ફીની ઉઘરાણી કરી: નિયમોના ધજાગરા!




જેવિન લક્કડ, ગુણવંત લક્કડ (સ્કૂલ સંચાલકો)

## વિદ્યાર્થીને ફી નહીં ભરાતા ક્લાસની બહાર ઉભી રાખવામાં આવતી હતી: RTE વિદ્યાર્થીનીઓ પર ત્રાસ: DEOએ આવી સ્કૂલો નિયમોનું શું પાલન કરે છે તે ચેકિંગ કરવાની જરૂર છે

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટની પેડક રોડ પર આવેલી ન્યૂ ફ્લોરા ઈંગ્લિશ મિડિયમ સ્કૂલ સામે શિક્ષણનો અધિકાર અધિનિયમ (RTE-૨૦૦૯) હેઠળ અભ્યાસ કરતી ધો.૪ની બે વિદ્યાર્થિનીઓ સાથે ભેદભાવ, ગેરકાયદેસર રીતે ફી માંગવા અને માનસિક હેરાનગતિ કરવા અંગે કોંગ્રેસના વિદ્યાર્થી નેતા રોહિતસિંહ રાજપૂત દ્વારા જિલ્લા શિક્ષણ અધિકારીને લેખિત રજૂઆત કરવામાં આવી છે. જોકે, આ મામલે સ્કૂલ સંચાલકનો સંપર્ક કરવામાં આવતા તેમણે આ આક્ષેપો નકાર્યા હતા અને બંને વાલીના RTE હેઠળ સિવાયના ૨ બાળકોની ગત વર્ષની ફી વાલી ભરવા માંગતા ન હોવાનો ખુલાસો કર્યો હતો.

ફરિયાદ મુજબ RTE અધિનિયમ હેઠળ પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓની ફી સરકાર દ્વારા નિયમાનુસાર સ્કૂલને ચૂકવવામાં આવે છે. આમ છતાં સ્કૂલ સંચાલકો દ્વારા વિદ્યાર્થીનીના વાલી પાસેથી ૪,૦૦૦ રોકડ માંગવામાં આવ્યા હતા. વાલીએ સત્તાવાર પહોંચ (રસીદ) માંગતા શાળા દ્વારા પહોંચ આપવાનો ઈનકાર કરવામાં આવ્યો હતો અને રોકડ રકમ જ આપવા માટે દબાણ કરવામાં આવ્યું હોવાનું રજૂઆતમાં જણાવાયું છે. આક્ષેપ મુજબ ગેરકાયદેસર રીતે માંગવામાં આવેલી ફી ન ભરવાના કારણે વિદ્યાર્થિનીને દર અઠવાડિયે લેવાતી ટેસ્ટમાં બેસવા દેવામાં આવતી નથી. ક્લાસની બહાર ઊભી રાખવામાં આવે છે. "પહેલા ફી ભરો, પછી જ ક્લાસમાં બેસવા મળશે" તેમ કહી માનસિક દબાણ કરવામાં આવે છે તેમજ વાલી મિટિંગ અંગે પણ તેના વાલીઓને જાણ કરવામાં આવતી નથી. રજૂઆતમાં એવો પણ આક્ષેપ કરવામાં આવ્યો છે કે શાળામાં RTE હેઠળ અભ્યાસ કરતી અન્ય એક વિદ્યાર્થિની પણ આ જ પ્રકારની હેરાનગતિ અને ભેદભાવનો ભોગ બની રહી છે.RTE અધિનિયમ-૨૦૦૯ મુજબ દરેક બાળકને મફત અને ફરજિયાત શિક્ષણનો અધિકાર પ્રાપ્ત છે તથા RTE હેઠળ પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓની ફીની જવાબદારી સરકારની છે. આવા સંજોગોમાં વાલીઓ પાસેથી ગેરકાયદેસર રીતે ફી માંગવી, રોકડ રકમ લઈ તેની પહોંચ ન આપવી તેમજ ફીના બહાને બાળકને પરીક્ષા અને શૈક્ષણિક પ્રવૃત્તિઓથી વંચિત રાખવું કાયદાની જોગવાઈઓ અને બાળકના શિક્ષણના અધિકારનું ગંભીર ઉલ્લંઘન હોવાનું રજૂઆતમાં જણાવાયું છે.

### કોંગ્રેસ દ્વારા શાળા સામે હલ્લાબોલ કાર્યક્રમ અપાશે

જો શાળા સંચાલન પોતાનું વલણ નહીં બદલે અથવા જવાબદારો સામે કડક કાર્યવાહી કરવામાં નહીં આવે તો કોંગ્રેસ દ્વારા શાળા સામે હલ્લાબોલ કાર્યક્રમ આપવામાં આવશે અને ઉગ્ર આંદોલન કરવામાં આવશે. જોકે, આ બાબતે ન્યૂ ફ્લોરા સ્કૂલના કેવિનભાઈ પટેલને પૂછવામાં આવતા તેમણે જણાવ્યુ હતુ કે, જે બંને વાલીની ફરિયાદ છે તેમના ૪માંથી ૨ બાળકો RTE હેઠળ અહીં અભ્યાસ કરે છે અને અન્ય બે બાળકો આ જ સ્કૂલમાં રેગ્યુલર વિદ્યાર્થીઓ તરીકે એટલે કે ફી ભરીને ભણે છે. જેમની ગત વર્ષની ફી બાકી હોવાથી તે માંગવામાં આવી રહી છે. જે ફી વાલી ભરવા માંગતા નથી. તેને કારણે આ પ્રકારના ખોટા આક્ષેપો કરે છે.











# રાજકોટ મનપા ફૂડ વિભાગનો સપાટો 'AADARO' રેસ્ટોરન્ટ અને 'જય જલારામ લસ્સી' સીલ

## 87 પેઢીઓમાં તપાસ, 59 kg વાસી ખોરાક અને 96 kg પ્રિન્ટેડ પસ્તીનો નાશ : લાઈસન્સ વિના અને ગંદકી વચ્ચે ધંધો કરતા 9 વેપારીઓને નોટિસ ફટકારી કુલ 20000 નો દંડ વસૂલાયો





**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકા (RMC) ના આરોગ્ય અને ફૂડ વિભાગ દ્વારા લોકોના સ્વાસ્થ્ય સાથે ચેડા કરતા અને ગંદકી વચ્ચે ખાદ્યચીજો પીરસતા વેપારીઓ સામે લાલ આંખ કરવામાં આવી છે. શુક્રવારે (તા. ૧૭-૦૭-૨૦૨૬) ફૂડ વિભાગની ટીમે શહેરમાં મેગા ચેકિંગ ડ્રાઈવ હાથ ધરીને કુલ ૮૭ જેટલી નામાંકિત પેઢીઓ અને રેસ્ટોરન્ટમાં તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો. આ સઘન ચેકિંગ દરમિયાન ૫૯ kg અખાદ્ય-વાસી ખોરાક અને ૯૬ kg ઝેરી પ્રિન્ટેડ પસ્તીનો સ્થળ પર જ નાશ કરવામાં આવ્યો હતો. ગંભીર બેદરકારી દાખવતી ૨ પેઢીઓને સીલ મારી દેવામાં આવી છે.

ફૂડ વિભાગની ટીમે રેલ નગર મેઈન રોડ પર આવેલા 'AADARO' રેસ્ટોરન્ટ એન્ડ કેટરિંગમાં દરોડો પાડ્યો હતો. ત્યાં ફ્રીજમાં અત્યંત અનહાઈજેનિક કન્ડિશનમાં બટેટાનો મસાલો, ગ્રેવી, બાફેલા શાકભાજી અને એક્સપાયરી ડેટ વીતેલા પાઉં-પીઝા-બ્રેડ મળી આવ્યા હતા. ૧૯ kg અખાદ્ય ખોરાકનો નાશ કરી, રૂ. 3000 નો દંડ વસૂલી આ રેસ્ટોરન્ટને સીલ કરવામાં આવ્યું છે.

આ ઉપરાંત, સિલ્વર સ્ક્વેર (કર્ણાવતી રોડ) ખાતે આવેલા 'જય જલારામ ક્રીમ લસ્સી & વડાપાઉં' માં પણ ગંદકી જોવા મળી હતી. અહીંથી લસ્સી બનાવવાનું સિરપ, ચટણી, ઘૂઘરા અને પસ્તી મળી ૨૨ kg વાસી જથ્થાનો નાશ કરાયો હતો. આ પેઢી પાસેથી પણ રૂ. 3000 દંડ વસૂલી તેને સત્તાવાર રીતે સીલ મારવામાં આવ્યું છે.

શહેરમાં લાયસન્સ વિના, ગંદકીમાં ધંધો કરતા અને સ્વાસ્થ્ય માટે હાનિકારક એવી 'પ્રિન્ટેડ પસ્તી' માં ફરસાણ આપતા ૯ જેટલા વેપારીઓને કડક નોટિસ આપી કુલ રૂ. ૨0000 નો વહીવટી ચાર્જ (દંડ) વસૂલવામાં આવ્યો છે.

જેમાં ૪0 ફૂટ રોડ પરના યોગી ફરસાણમાંથી ૬0 kg પસ્તી અને ગુરુપ્રસાદ ચોકના ભગવતી ફરસાણમાંથી ૧૫ kg પસ્તીનો નાશ કરાયો હતો. આ ઉપરાંત શ્રી સદગુરુ શીંગ, લક્ષ્મી ફરસાણ, અંબિકા ફરસાણ, સંતોષ ભેળ, ચટકાઝ ફૂડ્સ વગેરે જેવી પેઢીઓને ૫00 થી ૨000 રૂપિયા સુધીનો દંડ ફટકારવામાં આવ્યો છે.

### મિલ્ક ચેકિંગ ડ્રાઈવ: દૂધ અને મીઠાઈના 10 નમૂના લેવાયા

fssai એક્ટ હેઠળ મનપા દ્વારા શહેરની વિવિધ ડેરીઓ પર દરોડા પાડી દૂધના નમૂના લેવામાં આવ્યા છે. જેમાં નાના મવા રોડની સુખસાગર ડેરીફાર્મ અને શ્રી કૃષ્ણ ડેરીફાર્મ, ખીજડાવાળા રોડની શ્રીજી ડેરીફાર્મ, શિવમ ડેરીફાર્મ, રામકૃપા ડેરીફાર્મ અને વૃંદાવન ડેરીફાર્મમાંથી ગાય, ભેંસ અને મિક્સ દૂધના લૂઝ નમૂના લેવામાં આવ્યા છે. જ્યારે ૮૦ ફૂટ રોડ પર આવેલી કૈલાશ ફરસાણ અને સ્વીટમાંથી મીઠાઈ પર 'યુઝ બાય ડેટ' ન હોવા છતાં વેચાણ થતું હોવાનું ખૂલ્યું હતું. ત્યાંથી ૧૪ kg વાસી લીસા લાડુનો નાશ કરી, રૂ. ૨000 નો દંડ વસૂલવામાં આવ્યો હતો અને ખારી બુંદી તથા પીળી સેવના નમૂના લેવાયા હતા. ડેલીસીયસ ફૂડ્સમાંથી ચોકો બટરસ્કોચ કેકનો નમૂનો લેવાયો હતો. આ તમામ ૧૦ નમૂનાઓને વધુ પૃથ્થકરણ માટે સરકારી લેબોરેટરીમાં મોકલી આપવામાં આવ્યા છે.

### રાજકોટના કોઠારિયા રોડ ઉપર હૂડકો ચોકડી પાસે

# ઉત્તમ સોફાના કારખાનામાં આગ : એકનું મોત



તસવીરઃ અક્ષય ગોંડલિયા

## ફાયર બ્રિગેડ સ્ટાફે યુવકનું રેસ્ક્યુ કર્યુ પણ જીવ ન બચ્યો : શોર્ટ સર્કિટની શંકા

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટના કોઠારીયા રોડ પર આવેલી હુડકો ચોકડી પાસે 'ઉત્તમ સોફા' નામના કારખાનામાં સવારે અચાનક ભીષણ આગ ભભૂકી ઉઠતા અફરાતફરી મચી ગઈ હતી બનાવની જાણ થતા ફાયર બ્રિગેડનો કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો અને પાણીનો મારો ચલાવી આગ ઉપર કાબુ મેળવ્યો હતો આ આગ દરમિયાન કારખાનાના ટોયલેટમાં ફસાયેલા ૩૦ વર્ષીય યુવકને ફાયર બ્રિગેડની ટીમે બહાર કાઢી હોસ્પિટલ ખસેડ્યો હતો પરંતુ આ યુવાનને મૃત જાહેર કર્યો હતો પ્રાથમિક તપાસમાં આગ શોર્ટ સર્કિટના કારણે લાગી હોવાનું અનુમાન છે.



રાજકોટના હુડકો ચોકડી પાસે આવેલ રામનગર-૩માં ઉત્તમ સોફામાં આગ લાગવાની ઘટના અંગે ફાયર કંટ્રોલ રૂમને સવારે ૧૦:૧૪ વાગ્યે કોલ મળતાની સાથે જ નજીકના કોઠારીયા ફાયર સ્ટેશનથી તેમજ કનકનગર ફાયર સ્ટેશનથી ફાયર ટેન્ડર અને રેસ્ક્યૂ ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગઈ હતી ફાયર વિભાગની ૨ ગાડી દ્વારા તુરંત જ પાણીનો મારો ચલાવીને આગ પર કાબૂ મેળવવાની કામગીરી યુદ્ધના ધોરણે શરૂ કરવામાં આવી હતી કારખાનાની અંદર બાથરૂમમાં એક વ્યક્તિ ફસાયો હોવાની માહિતી સ્થાનિક લોકો દ્વારા આપવામાં આવી હતી જે અન્વયે ફાયર બ્રિગેડની રેસ્ક્યૂ ટીમે ધુમાડાની વચ્ચે કારખાનાની અંદર પ્રવેશ કર્યો હતો અને શૌચાલયમાં ફસાયેલા વ્યક્તિને ભારે જહેમત બાદ ગંભીર હાલતમાં બહાર કાઢી તાત્કાલિક સારવાર અર્થે ૧૦૮ મારફત સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડ્યો હતો.

બનાવની જાણ થતા ડીસીપી હેતલ પટેલ, આજી ડેમ પીઆઈ એચ એન પટેલ સહિતનો કાફલો દોડી ગયો હતો ડીસીપી હેતલ પટેલે જણાવ્યું હતું કે સોફા બનાવવાના કારખાનામાં રહેલ કાચો માલ અને તૈયાર સોફા સહિતનો તમામ સામાન બળીને ખાખ થઈ ગયો હોવાથી મોટું આર્થિક નુકસાન થયું છે. હાલમાં શોર્ટ સર્કિટના કારણે આગ લાગી હોવાનું પ્રાથમિક તારણ છે જયારે રેસ્ક્યુ કરીને હોસ્પિટલે ખારેડાયેલ ૩૦ વર્ષીય યુવક ચેતન શેલડીયાનું સારવાર દરમિયાન મૃત્યુ નીપજ્યું છે.

### 180 પહોંચી ફાયર નહીં, મોડા રેસ્ક્યૂએ જીવ લીધો

# PGVCL તંત્રની બેદરકારીથી મોત : પરિવારના આક્ષેપો

### PGVCLને એક મહિનાથી ફરિયાદ છતાં અવગણના

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટમાં બનેલી એક દુખદ ઘટનામાં એક વ્યક્તિનું ગૂંગળામણના કારણે મોત થયું હોવાનો આક્ષેપ પરિવારજનો દ્વારા કરવામાં આવ્યો છે. મૃતકના ભાગીદાર અને સાળા દેવનેદ્ર કાકડિયાએ સમગ્ર ઘટનાક્રમ અંગે ગંભીર પ્રશ્નો ઉઠાવ્યા છે.

તેમના જણાવ્યા અનુસાર, છેલ્લા એક મહિનાથી વિસ્તારમાં સતત વીજ વિક્ષેપની સમસ્યા અંગે PGVCLને અનેક વખત ફરિયાદ કરવામાં આવી હતી, છતાં કોઈ યોગ્ય નિરાકરણ લાવવામાં આવ્યું નહોતું.

ઘટનાના દિવસે સવારે દેવનેદ્ર કાકડિયા વગડ ચોકડી ખાતે હતા, ત્યારે તેમણે આગ લાગવાની માહિતી ફાયર વિભાગને આપી હતી. જોકે, તેઓ ઘટના સ્થળે પહોંચ્યા બાદ પણ ફાયર બ્રિગેડની ટીમ ત્યાં પહોંચી નહોતી. માત્ર



૧૦૮ એમ્બ્યુલન્સની ટીમ જ સ્થળ પર પહોંચી હતી. પરિવારનો આક્ષેપ છે કે ફાયર વિભાગની ટીમ મોડી પહોંચતા અને શરૂઆતમાં જરૂરી ઓક્સિજન માસ્ક જેવી સુવિધા ઉપલબ્ધ ન હોવાને કારણે રેસ્ક્યુ કામગીરી મોડે શરૂ થઈ હતી. જેના કારણે ગૂંગળામણથી મૃતકનું મોત થયું હોવાનું કહેવાય છે. બનાવ સમયે મૃતકના ભાઈ શુભમ શેલડીયા પણ સ્થળ પર હાજર હતા.

### શક્તિ રાઠોડે જુના દાગીનામાંથી નવા બનાવી આપવાની લાલચમાં 720 ગ્રામ સોનું પડાવ્યું

# ‘બ્યુટી પાર્લર’ સંચાલિકા સાથે 25 લાખની ઠગાઈ કરનાર નિકળ્યો ‘ભાજપનો કાર્યકર’

## RMCમાં કોન્ટ્રાક્ટર હોવાની ઓળખ આપી પાર્લર સંચાલિકા પાસેથી રૂા.25 લાખની ઠગાઈ કરી પોલીસમાં ગુનો નોંધાયો

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટ શહેરમાં એક ચોંકાવનારો ઠગાઈનો મામલો સામે આવ્યો છે, જેમાં પોતાને ભાજપ સાથે જોડાયેલા અને RMCમાં કોન્ટ્રાક્ટ ધરાવતા હોવાનો દાવો કરનાર વ્યક્તિ સામે મહિલાની ફરિયાદના આધારે ગુનો નોંધાયો છે. નાનામવા રોડ વિસ્તારમાં રહેતી બ્યુટી પાર્લર સંચાલિકા હેતલબેન પરસાણાએ માલવિયાનગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે કે આરોપી શક્તિ રમેશભાઈ રાઠોડે જૂના સોનાના દાગીનામાંથી ઝીરો ટકા મજૂરીએ નવા દાગીના બનાવી આપવાની લાલચ આપી પરિવારના અંદાજે ૭૨૦ ગ્રામ સોનાના દાગીના લઈ લીધા હતા.ફરિયાદ મુજબ, આરોપીએ પોતાને RMCમાં કોન્ટ્રાક્ટર અને ભાજપ સાથે જોડાયેલ હોવાનો દાવો કરીને વિશ્વાસ જીત્યો હતો. શરૂઆતમાં થોડા દાગીના બનાવી પરત આપીને વિશ્વાસ વધાર્યા બાદ, અંદાજે રૂ.૫૫ લાખ કિંમતના દાગીના લઈ લીધા હતા. ત્યારબાદ મોટાભાગના દાગીના પરત ન આપતા સમગ્ર મામલો બહાર આવ્યો. પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે દાગીના વિવિધ જગ્યાએ ગીરવે મૂકી તેના પર લોન મેળવી રકમ અંગત ઉપયોગમાં ખર્ચવામાં આવી હોવાનું પ્રાથમિક તારણ છે.બાદમાં નોટરી સમક્ષ સમાધાન કરાર મુજબ આરોપીએ કુલ રૂ.૮૦ લાખ ચૂકવવાનો સ્વીકાર કર્યો હતો, જેમાંથી રૂ.૫૫ લાખ ચૂકવાયા હતા. પરંતુ બાકીના રૂ.૨૫ લાખના ચેક બાઉન્સ થતાં હેતલબેને આખરે પોલીસનો આશરો લીધો હતો.આરોપી સોશિયલ મીડિયા પર રાજકીય આગેવાનો સાથેના ફોટા શેર કરીને પોતાનો પ્રભાવ દર્શાવતો હતો, જેના આધારે લોકોમાં વિશ્વાસ પેદા કરતો હોવાનો પણ આક્ષેપ છે.  માલવિયાનગર પોલીસે શક્તિ રાઠોડ સામે છેતરપિંડી અને વિશ્વાસઘાતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. સમગ્ર મામલે રાજકીય જોડાણની પણ ચર્ચા ઉઠી રહી છે.



## આરોપીના રાજકોટ ભાજપ નેતાઓ સાથેના ફોટો થયા વાયરલ
















### એન્જિનિયરિંગની ભૂલ કે બેદરકારી? 3 મિનિટમાં વરસાદમાં ગોઠણડૂબ પાણી ભરાયા

# સાંઢિયા પુલ બન્યો આફત ખોટો ઢાળ 250 ઘર જોખમમાં?

- વર્ષોથી જ્યાં પાણી ભરાવવાની કોઈ સમસ્યા ન્હોતી ત્યાં હવે તંત્રની ગંભીર બેદરકારીના કારણે જળબંબાકાર જેવી સ્થિતિ
- તંત્રને રહેવાસીઓએ ચેતવણી આપી હતી કે આ ઢાળ ખોટો છે પણ ત્યાં આ તકલીફ ધ્યાને લેવામાં આવી ન હતી





**સિટી ન્યૂઝ@રાજકોટ**

જામનગર રોડ, વોર્ડ નંબર ૩ માં તાજેતરમાં જ કરોડોના ખર્ચે બનેલો નવો સાંઢિયા પુલ સ્થાનિક રહીશો માટે આશીર્વાદને બદલે આફત સમાન સાબિત થઈ રહ્યો છે. ચોમાસાની શરૂઆતમાં જ માત્ર ત્રણ થી ચાર મિનિટના સામાન્ય વરસાદી ઝાપટામાં આખો વિસ્તાર પાણી-પાણી થઈ ગયો છે. પુલ પરથી ધોધની જેમ વહીને આવતું પાણી સીધું જ હુડકો ક્વાર્ટર્સ અને પરસાણા સોસાયટીના રહેણાંક વિસ્તારમાં ઘૂસી રહ્યું છે. વર્ષોથી જે વિસ્તારમાં ક્યારેય પાણી ભરાવાની સામાન્ય સમસ્યા પણ નહોતી, ત્યાં તંત્રની ગંભીર બેદરકારીને કારણે આજે ચોમાસું શરૂ થતાં જ લોકોના જીવ અધ્ધર થઈ ગયા છે.

સ્થાનિક લોકોના આક્રોશ મુજબ, જ્યારે આ પુલનું નિર્માણ કાર્ય ચાલી રહ્યું હતું ત્યારે જ જાગૃત નાગરિકોએ કોન્ટ્રાક્ટર અને સંબંધિત અધિકારીઓને પુલના ઢાળ બાબતે સ્પષ્ટ રજૂઆત કરી હતી. રહીશોએ માંગ કરી હતી કે પુલનો ઢાળ સહેજ ક્રોસમાં રાખીને બાજુમાં આવેલા સરકારી વોકળા (નાળા) તરફ આપવામાં આવે, જેથી વરસાદી પાણીનો સીધો નિકાલ થઈ જાય. પરંતુ અંધારામાં તીર ચલાવતા તંત્રએ જનતાની વ્યાજબી રજૂઆતને સાવ નજરઅંદાજ કરીને પુલનો આખો ઢાળ સીધો સોસાયટી તરફ ઢાળી દીધો. એન્જિનિયરોની આ અણઆવડતના લીધે આજે ૨૫૦ થી ૩૦૦ જેટલા મકાનોમાં રહેતા ગરીબ અને મધ્યમવર્ગીય પરિવારો પર ચોમાસા દરમિયાન પૂરનો મોટો ખતરો મંડરાઈ રહ્યો છે.સ્થાનિકોએ હવે આરપારની લડાઈના મૂડમાં આવીને ઉચ્ચ અધિકારીઓ સમક્ષ તાત્કાલિક ધોરણે આ સ્થળની મુલાકાત લેવાની ઉગ્ર માંગ કરી છે. લોકોનું કહેવું છે કે જો માત્ર બે-ત્રણ મિનિટના ઝાપટામાં આટલી વિકટ સ્થિતિ સર્જાતી હોય, તો જો ૨૪ કલાક સતત ભારે વરસાદ પડશે તો જાનમાલનું મોટું નુકસાન થઈ શકે છે. હજુ પણ સમય છે કે તંત્ર જાગે, પોતાની ભૂલ સ્વીકારે અને પુલના ઢાળને તાકીદે વોકળા તરફ વાળીને સ્થાનિકોને આ માનવસર્જિત મુસીબતમાંથી કાયમી છુટકારો અપાવે.




### કમલમમાં અમિત શાહની મેરેથોન બેઠકઃ નેતાઓને જનસંપર્ક વધારવા ટાસ્ક

# ચૂંટણી પહેલા શાહનું સ્ટ્રેટેજી મંત્રઃ નબળી બેઠકો માટે સ્પેશિયલ પ્લાન બનાવ્યો

## ગુજરાત ભાજપ એક્શન મોડમાં; અમિત શાહે સંગઠ્ઠનને કહ્યું 160થી ઓછી બેઠકો નહીં ચાલે



**સિટી ન્યૂઝ@ગાંધીનગર**

ગુજરાત વિધાનસભાની આગામી ચૂંટણીઓને ધ્યાનમાં રાખીને સત્તાધારી પક્ષ ભાજપે અત્યારથી જ પોતાની રાજકીય ગતિવિધિઓ તેજ કરી દીધી છે. ગાંધીનગર સ્થિત પ્રદેશ ભાજપ કાર્યાલય 'શ્રી કમલમ' ખાતે કેન્દ્રીય ગૃહમંત્રી અને ભાજપના વરિષ્ઠ નેતા અમિત શાહની અધ્યક્ષતામાં એક અત્યંત મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. અંદાજે પોણા બે કલાક સુધી ચાલેલી આ મેરેથોન બેઠકમાં રાજ્યના મુખ્ય રાજકીય અને સંગઠનાત્મક મુદ્દાઓ પર વિસ્તૃત મંથન કરવામાં આવ્યું હતું અને આગામી ચૂંટણીલક્ષી વ્યૂહરચનાનો આખો રોડમેપ તૈયાર કરવામાં આવ્યો છે.સૂત્રો પાસેથી મળતી માહિતી અનુસાર, બેઠક દરમિયાન રાજ્યની સાંપ્રત રાજકીય પરિસ્થિતિનું ઝીણવટભર્યું આંકલન કરવામાં આવ્યું હતું. અમિત શાહે સંગઠનને વધુ ધારદાર, ગતિશીલ અને સક્રિય બનાવવા માટે ચોક્કસ સૂચનાઓ આપી હતી. ખાસ કરીને પક્ષના શિરોમણી નેતાઓ અને સંગઠનના ઉચ્ચ હોદ્દેદારોને હવે એસી ચેમ્બરમાંથી બહાર નીકળી મેદાનમાં વધુ સક્રિય થવા જણાવાયું છે. પક્ષના પાયાના કાર્યકરો સાથે સીધો સંપર્ક વધારવા અને સંવાદ સાધવા માટે નેતાઓને સ્પષ્ટ આદેશ આપવામાં આવ્યા છે.ચૂંટણીના આ પ્રારંભિક પ્રચાર-પ્રસાર પહેલાં ભાજપે સંગઠનને એક નવો મંત્ર આપ્યો છે. આ અંતર્ગત ગરીબ, યુવા, આદિવાસી અને ખેડૂતો સુધી સરકારની લોકકલ્યાણકારી યોજનાઓ અને સંગઠનનો સંદેશ અસરકારક રીતે પહોંચાડવા પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે. આ ઉપરાંત, જો યુવાનો અને ખેડૂતોમાં કોઈ પણ બાબતે નારાજગી હોય, તો તેને પ્રાથમિકતા આપીને તુરંત દૂર કરવા અને તેમની વચ્ચે જવા માટે વિશેષ અભિયાન ચલાવવાની પણ ગંભીર ચર્ચા થઈ હતી.આ બેઠકમાં જે-તે જિલ્લા કે ઝોનની એવી બેઠકો પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરાયું હતું જ્યાં અગાઉની ચૂંટણીમાં ભાજપનું પ્રદર્શન નબળું રહ્યું હોય અથવા જે બેઠકો પક્ષ માટે પડકારરૂપ મનાતી હોય. આવી બેઠકો પર અત્યારથી જ આક્રમક કામગીરી હાથ ધરવા અને સ્થાનિક સ્તરે સક્ષમ કાર્યકરોને મોટી જવાબદારીઓ સોંપવા માર્ગદર્શન અપાયું હતું.

## પોણા બે કલાકની બેઠકમાં શાહના નિર્દેશ વન-ડે વન એસેમ્બલી અભિયાન તેજ બનાવો


# મહાદેવ એપ સટ્ટાબાજી કેસમાં EDએ ભાજપ નેતાની ધરપકડ કરીઃ પાર્ટીએ કરી હકાલપટ્ટી

## વિકાસ ગર્ગ દિલ્હી ભાજપના આર્થિક સેલના કન્વીનર હતાઃ ભાજપના વરિષ્ઠ નેતા-ત્રણ વખત ધારાસભ્ય રહી ચૂકેલા નંદ કિશોર ગર્ગના પુત્ર છે




**સિટી ન્યૂઝ@નવી દિલ્હી**

મહાદેવ એપ કેસમાં ધરપકડ બાદ દિલ્હી ભાજપે વિકાસ ગર્ગને પાર્ટીમાંથી હાંકી કાઢ્યા છે. મહાદેવ ઓનલાઈન સટ્ટાબાજી એપ સાથે જોડાયેલા મની લોન્ડરિંગ કેસમાં ગર્ગની ધરપકડ થયા બાદ ભારતીય જનતા પાર્ટીના દિલ્હી એકમે આ પગલું ભર્યું હતું. એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) એ મંગળવારે 'Ebix ગ્રુપ' ના ચેરમેન ગર્ગની મહાદેવ સટ્ટાબાજી એપ સાથે જોડાયેલા કરોડો રૂપિયાના કથિત મની લોન્ડરિંગ કેસના સંદર્ભમાં ધરપકડ કરી હતી. નવાઈની વાત એ છે કે છતીસગઢના પુર્વ મુખ્યમંત્રીની કથિત સંડોવણી મુદ્દે હોહા મચાવનારા ભાજપ નેતાઓ અને ઇલેક્ટ્રોનિક્સ મીડીયા આ બાબતે લગભગ ચુપ છે. વિકાસે ૨૦૨૪ માં દિલ્હી ભાજપના આર્થિક સેલના કધવીનરની ભમિકા સંભાળી હતી.



પાર્ટીના એક વરિષ્ઠ અધિકારીએ સત્તાવાર રીતે તેમની હકાલપટ્ટીની પુષ્ટિ કરતા કહ્યું કે તેમને તેમના પદ પરથી દૂર કરવામાં આવ્યા છે અને પાર્ટીમાંથી હાંકી કાઢવામાં આવ્યા છે. દિલ્હી ભાજપના એક વરિષ્ઠ કાર્યકર્તાએ જણાવ્યું હતું કે, "વિકાસ ગર્ગને દિલ્હી ભાજપના આર્થિક સેલના કધવીનર પદ પરથી દૂર કરવામાં આવ્યા છે. પાર્ટીનું તેમનું પ્રાથમિક સભ્યપદ પણ રદ કરવામાં આવ્યું છે." તે દિલ્હી ભાજપના વરિષ્ઠ નેતા અને ત્રણ વખત ધારાસભ્ય રહી ચકેલા નંદ કિશોર ગર્ગના પુત્ર છે. ઈડીના જણાવ્યા અનુસાર, મહાદેવ સટ્ટાબાજી એપ કેસમાં છત્તીસગઢના ઘણા વરિષ્ઠ રાજકારણીઓ અને અમલદારો સંડોવાયેલા છે. ગર્ગ આ કેસમાં ધરપકડ કરાયેલ ૧૪મો વ્યક્તિ છે. બુધવારે, છત્તીસગઢની એક ખાસ PMLA કોર્ટે વિકાસ ગર્ગને ૧૦ દિવસની ઈડી કસ્ટડીમાં મોકલ્યા.

ઈડીએ દલીલ કરી હતી કે આ કેસમાં સંકળાયેલા નાણાકીય વ્યવહારોને શોધવા માટે કસ્ટોડિયલ પછપરછ જરૂરી છે. એજન્સીએ કોર્ટને જાણ કરી હતી કે ગર્ગની ૯૪૦ કરોડની સંપત્તિ પહેલાથી જ જપ્ત કરવામાં આવી છે. એજન્સીએ વધુમાં જણાવ્યું હતું કે ગર્ગ મની લોન્ડરિંગ કેસમાં વોન્ટેડ હતો, જેમાં રાયપુરની એક ખાસ કોર્ટમાં ૭૪ આરોપીઓ સામે ચાર્જશીટ દાખલ કરવામાં આવી છે. ઈડીએ કોર્ટને એ પણ જણાવ્યું હતું કે ગર્ગને તપાસમાં જોડાવા માટે સમન્સ મોકલવામાં આવ્યું હતું પરંતુ હાજર રહેવામાં નિષ્ફળ ગયા, જેના કારણે તેમની ધરપકડ કરવામાં આવી.

એજન્સીએ જણાવ્યું હતું કે આ કેસ આઠ FIR અને એક ECIR પર આધારિત છે. ED એ સ્પષ્ટતા કરી કે વિકાસ ગર્ગનું નામ કોઈપણ FIR માં નથી, છતાં ચાલુ તપાસ માટે કસ્ટડીમાં પછપરછ જરૂરી છે. હવે એ જોવાનું રહે છે કે ગર્ગના કેસમાં સચ્ચાઈ બહાર આવે છે કે નહીં.

## ઉપવાસનો 20મો દિવસ; ડોક્ટરોએ કહ્યું જો ઉપવાસ ચાલુ રાખશે તો ઓર્ગન ફેલ થવાનું જોખમ

# મારે 20 જૂલાઈ સુધી જીવવું છે:સોનમ વાંગચૂક



**વાંગચૂકે સમર્થકોને 20 જુલાઈએ સંસદ સુધી યોજાનાર શાંતિપૂર્ણ માર્ચમાં મોટી સંખ્યામાં એકઠા થવા અપીલ કરી**

**સિટી ન્યૂઝ@નવી દિલ્હી**

દિલ્હીના જંતર-મંતર પર સોનમ વાંગચુકની ભૂખ હડતાળનો શુક્રવારે ૨૦મો દિવસ છે. તેમણે કહ્યું કે તેઓ કોઈપણ ભોગે ૨૦ જુલાઈ સુધી જીવતા રહેવા માંગે છે.વાંગચુકે સમર્થકોને ૨૦ જુલાઈએ સંસદ સુધી યોજાનાર શાંતિપૂર્ણ માર્ચમાં મોટી સંખ્યામાં એકઠા થવા અપીલ કરી. તેમણે કહ્યું કે તેઓ લોકશાહીના મંદિરમાં પોતાની વાત રજૂ કરશે.વાંગચુકે કહ્યું કે તેઓ બહારથી નબળા છે, પરંતુ અંદરથી મજબૂત છે. તેમણે મજાકમાં કહ્યું કે જો ૨૦ જુલાઈની માર્ચ સફળ ન થઇ, તો તેઓ ભૂત બનીને પાછા આવશે.વાંગચુક NEET પેપર લીક અને પરીક્ષાઓમાં ગેરરીતિઓ વિરુદ્ધ શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામા માટે દિલ્હીના જંતર-મંતર પર છેલ્લા ૨૦ દિવસથી ભૂખ હડતાળ પર છે. તેમનું વજન ૮.૯ કિલો સુધી ઘટી ગયું છે.ડોકટરોએ ચેતવણી આપી છે કે તેમનો ઉપવાસ હવે એક એવા ગંભીર તબક્કામાં પહોંચી ગયો છે જ્યાં સ્થિતિ બગડતા તેમના શરીરના અંગોને નુકસાન થઈ શકે છે.

દિલ્હી હાઈકોર્ટે પ્રશાસનને તેમના સ્વાસ્થ્યની રોજિંદા દેખરેખ રાખવા માટે કડક નિર્દેશ આપ્યા હતા.

ડોકટરોએ કહ્યું કે લાંબા સમયથી ભૂખ્યા રહેવાને કારણે વાંગચુકની સ્થિતિ ગંભીર બની ગઈ છે અને શરીરને નુકસાન થવાનો ખતરો છે.દિલ્હી હાઈકોર્ટે ગુરુવારે કેન્દ્ર અને દિલ્હી સરકારને તેમની રોજિંદા મેડિકલ તપાસ કરાવવા અને જરૂર પડ્યે તાત્કાલિક સારવાર કરાવવાના નિર્દેશ આપ્યા હતા. કોકરોચ જનતા પાર્ટી (CJP) NEET પેપર લીકના વિરોધમાં ૨૦ જૂનથી જંતર-મંતર પર પ્રદર્શન કરી રહી છે. તેઓ શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાની માગ કરી રહ્યા છે. વાંગચુક પણ તેમના આંદોલનમાં સામેલ છે. CJP ચીફ જસ્ટિસ સૂર્યકાંતે બેરોજગાર યુવાનોની સરખામણી કોકરોચ સાથે કર્યા પછી બની હતી.

### લોકો મરી જશે પછી તમે જાગશો ?

# સોનાક્ષી સિંહા સોનમ વાંગચૂકના સમર્થનમાં ઉતરી

### ડિમ્પલ યાદવ, મેનક ગાંધી, અરવિંદ કેજરીવાલ, સમય રૈના, ફાતિમા, અતુલ કુલકર્ણિએ પણ ટેકો આપ્યો

**સિટી ન્યૂઝ@નવી દિલ્હી**

સોનમ વાંગચુકને લઈને સોનાક્ષી સિન્હાએ કહ્યું કે, તે પણ આ દેશની યુવા છે, તે પણ દેશનું ભલું ઈચ્છે છે. તે કોઈ એન્ટી-નેશનલ નથી, તો પછી તે શા માટે ચૂપ રહે ?તે જ સમયે, એક્ટર અતુલ કુલકર્ણીએ સોનમ વાંગચુકના સમર્થનમાં એક દિવસના ઉપવાસ રાખવાની જાહેરાત કરી. તે જ સમયે, કોમેડિયન સમય રૈના પણ વાંગચુકના સમર્થનમાં આવ્યા.અતુલ કુલકર્ણીએ કહ્યું કે, તે ૧૬ જુલાઈએ પોતાના ઘરે આખો દિવસ ઉપવાસ કરશે. એક્ટ્રેસ સોનાક્ષી સિન્હાએ આજે ઈન્સ્ટાગ્રામ પર વીડિયો શેર કરતા કહ્યું કે, તેણે પહેલા ક્યારેય આ રીતે સાર્વજનિક નિવેદન આપ્યું નથી, પરંતુ આ વખતે ચૂપ રહેવું શક્ય નહોતું. તેણે કહ્યું કે, 'સોનમ વાંગચુક દેશ માટે કરેલા તેમના કાર્યો અને સિદ્ધિઓ માટે જાણીતા છે. વાંગચુક એવા વિદ્યાર્થીઓના ભવિષ્ય માટે અનશન કરી રહ્યા છે, જેમને તેઓ સંકટમાં માને છે.



## ભુખ હડતાલ કરનાર સોનમ વાંગચૂક કોણ છે

સોનમ વાંગચુકનો જન્મ ૧ સપ્ટેમ્બર ૧૯૬૬ ના રોજ લદ્દાખમાં અલ્ચી નજીક નાના ગામ ઉલેટોકપોમાં થયો. તેમના પિતા સોનમ વાંગ્યાલ એક નેતા હતા અને ૧૯૭૫માં જમ્મુ-કાશ્મીર સરકારમાં મંત્રી પણ બન્યા હતા. જોકે, સોનમનું બાળપણ પડકારોથી ભરેલું હતું. ગામમાં શાળા ન હોવાથી તેઓ ૯ વર્ષની ઉંમર સુધી અભ્યાસ ન કરી શક્યા. જોકે, તેમની માતા ત્સેરિંગ વાંગમોએ જ તેમને માતૃભાષામાં પ્રાથમિક શિક્ષણ આપ્યું હતું.જ્યારે સોનમને ભણવા માટે શ્રીનગર મોકલવામાં આવ્યા, ત્યારે ભાષા ન આવડવાને કારણે તેમને 'મૂર્ખ' માનવામાં આવતા હતા, જેને તેઓ પોતાના જીવનનો સૌથી અંધકારમય સમય ગણાવે છે. આ પરિસ્થિતિથી કંટાળીને ૧૯૭૭માં તેઓ એકલા દિલ્હી આવી ગયા. બાદમાં તેમણે ૧૯૮૭માં NIT શ્રીનગરમાંથી મિકેનિકલ એન્જિનિયરિંગમાં B.Tech પૂર્ણ કર્યું.એન્જિનિયરિંગ બાદ સોનમ વાંગચુકે લદ્દાખના શિક્ષણ અને પર્યાવરણને સુધારવા માટે અનેક કાર્યો કર્યા છે. આપને જણાવી દઈએ કે, બોલિવૂડ ફિલ્મ '૩ Idiots' માં આમિર ખાને ભજવેલું 'ફુન્સુક વાંગડુ' પાત્ર સોનમ વાંગચુકના જીવનથી જ પ્રેરિત હતું.બાળપણના ભાષાકીય સંઘર્ષમાંથી પ્રેરણા લઈને વાંગચુકે ૯ અલગ-અલગ ભાષાઓ શીખી છે. લદ્દાખના સ્થાનિક પડકારોના નવીન ઉકેલ લાવવા બદલ ૨૦૨૫ સુધીમાં તેમને ૧૫ થી વધુ પુરસ્કાર મળી ચૂક્યા છે.

# સોનમ વાંગચુકની લડતને રાજકોટમાં સમર્થન



## હોસ્પિટલ ચોકમાં સીનીયર સીટિઝનના ધરણા

### ધરણાના કાર્યક્રમને સામાજિક સંસ્થાઓ દ્વારા હાજરી આપી ખૂલ્લો ટેકો જાહેર કરાયો

સિટી ન્યૂઝ@રાજકોટ

સિનિયર સિટીઝન ગ્રુપના મોભી પ્રવીણભાઈ લાખાણી દ્વારા જંતર મંતર પર સોનમ વાંગચૂકની લડતમાં રાજકોટમાં સિવિલ હોસ્પિટલ ચોક ખાતે ડોક્ટર આંબેડકરની પ્રતિમા પાસે સવારે ૧૦ થી સાંજના ૫ સુધી ધરણાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. અને સોનમ વાંગચૂક ની લડત ને ખુલ્લું સમર્થન કરાયું હતું. ઉલ્લેખનીય છે કે દેશના મહાન વૈજ્ઞાનિકોમાં જેની ગણના થાય છે તે સોનમ વાંગચૂક દ્વારા દિલ્હી ખાતે જંતર મંતર પર પેપર લીક અને વિદ્યાર્થીઓના આપઘાતના પગલે ૨૦ દિવસથી આમરણાંત ઉપવાસ ઉપર બેઠા છે ત્યારે તેઓની તબિયત પણ લથડી છે અને વજન પણ ઘટી ગયું હોય ત્યારે સોનમ વાંગચૂકની લડતમાં દેશ ક્યારે જોડાશે ? રાજકોટમાં તેમને ખુલ્લો ટેકો આપવા લડત નો પ્રારંભ થયો છે અને સિવિલ હોસ્પિટલ ચોક ખાતેથી શ્રી ગણેશ કરવામાં આવ્યા છે. છેલ્લા ૨૦ દિવસથી જંતર મંતર પર સોનમ વાંગચૂકની ખબર પૂછવા પણ સરકારના કોઈ અધિકારી કે સરકાર દ્વારા કોઈપણ જાતનું નિવેદન કરવામાં આવ્યું નથી. એ દેશ માટે દુખદ બાબત છે જાડી ચામડીના નેતાઓ ને હવે પ્રજા એ પરચો બતાવવાનો સમય આવી ગયો છે. નીટ માં પેપર ફૂટ્યા અને અનેક વિદ્યાર્થીઓ દ્વારા આપઘાત કરવામાં આવ્યા છતાં દેશના શિક્ષણ પ્રધાન ધર્મેન્દ્ર પ્રધાન દ્વારા પોતાની નૈતિક જવાબદારી સ્વીકારી રાજીનામું આપ્યું નથી કે મોદી સરકારે તેમનું રાજીનામું આપવા દબાણ કર્યું નથી જે બતાવે છે કે સરકારમાં ભ્રષ્ટાચારી અને



દાગી પ્રધાનો નો કોઈ વાળ વાંકો કરી શકે એમ નથી પરંતુ હવે દેશ જાગી ગયો છે આગામી દિવસોમાં રાજકોટમાં સોનમ વાંગચૂકના સપોટમાં અને તેમને લાંબુ આયુષ્ય આપે તે માટે ધરણા પ્રાર્થના સહિતના કાર્યક્રમો ની વણઝાર કરવાની તૈયારીઓને આખરી ઓપ અપાઈ રહ્યો છે.

લાખાણીબાપા ના ધરણાંના કાર્યક્રમમાં લોકસંસદ વિચાર મંચ, ક્ષત્રિય ગિરાસદાર સેના, કોઠારીયા કોલોની ચુવા ગ્રુપ, રાજકોટ શહેર/જિલ્લા વાલી મહામંડળ, ચુથ ફોર ડેમોક્રેસી, સીનીયર સીટીઝનો, ઓમ સાઈ સેવા ચેરીટેબલ ટ્રસ્ટ સહિતની સામાજિક સંસ્થાઓના આગેવાનો જોડાયા હતા જેમાં આ માથું મારું છે હેલ્મેટ કાયદો મને મંજૂર નથી તે અશોકભાઈ પટેલ, પૂર્વ કોર્પોરેટર દિલીપભાઈ આસવાણી, ગજેન્દ્રસિંહ ઝાલા, મગનભાઈ પટેલ, અશોકભાઈ બુટાણી, કમલેશભાઈ જોટંગીયા, એડવોકેટ હિંમતભાઈ લાબડીયા, ગુણવંતભાઈ વ્યાસ, લોહાણા સમાજના જીતુભાઈ કોટેચા, વિનુભાઈ પીપળીયા, દિવ્યેશ પટેલ, આસિફ શેખ, રમેશ રાજપુત, ભાવેશભાઈ ઝરીયા, મુન્નાભાઈ ગેરેજવાળા, ડો. ધર્મેશભાઈ ગોહિલ, કમલેશભાઈ પારેખ, દીપકભાઈ મકવાણા સહિતના રાજકીય, સામાજિક આગેવાનોએ જોડાઈને પ્રવીણભાઈ લાખાણી ના ધરણાને ખુલ્લો ટેકો જાહેર કર્યો હતો.

### તુષિત પાણેરી દ્વારા અભિયાનમાં જોડાવા અપીલ

## સોનમ વાંગચૂકના સમર્થનમાં વોટ્સએપ અભિયાન શરૂ

### શિક્ષા વ્યવસ્થા સુધારા માટે મેસેજ જરૂરી : આ અવાજ સોનમ વાંગચૂક સુધી પહોંચાડાશે : 97272 42253

સિટી ન્યૂઝ@રાજકોટ



આપના એક મેસેજ નો સહયોગ આપણા બાળકો ને ભવિષ્ય મા મળવા પાત્ર શિક્ષા વ્યવસ્થા સુધારવા તેમજ પારદર્શિતા લાવવામા મદદરૂપ થશે , આપ સૌ તરફથી વોટ્સએપ મારફત મળેલું સમર્થન હું દિલ્હી સોનમ વાંગચૂકજી સુધી પહોંચાડીશ તેની ખાતરી આપું છું.

જય ભોળાનાથ સાથ જણાવવાનું કે રાજસ્થાન ભારતીય જનતા પાર્ટી યુવા મોરચા નો નેતા દિનેશ બિનવાલ અને એનો નાનો ભાઈ મંગીલાલ બિનવાલ સહિત ત્રણ લોકો ની નીટ ૨૦૨૬ પેપર લીક કૌભાંડ મા સંડોવણી બહાર આવી છે , જેના પગલે દેશ ભર મા અઢાર થી વધુ વિદ્યાર્થીઓ એ આત્મહત્યા કરી લીધી. આ અતિ નિંદનીય ઘટના બાદ પણ કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને હજી સુધી પોતાની નૈતિકતા સ્વીકારી મંત્રી પદે થી રાજીનામુ નથી આપ્યું , જેને લઈને વૈશ્વિક ખ્યાતિ પામેલા મહાન વૈજ્ઞાનિક સોનમ વાંગચૂકજી દિલ્હી ના જંતર મંતર પર છેલ્લા ૧૯ દિવસ થી ભૂખ હડતાળ પર બેઠા છે પણ બેશરમ બનેલી કેન્દ્ર સરકાર ની જડતા જોતા સ્પષ્ટ લાગે છે કે તેમને સોનમ વાંગચૂકજી ના જીવ ની પડી નથી.

આવો જ એક કિસ્સો વર્ષ ૨૦૧૮ મા બન્યો હતો જ્યારે આઈ આઈ ટી રૂરકી માંથી એન્વાયરમેન્ટ એન્જિનિયરિંગ ની ડિગ્રી લેનારા , યુનિવર્સિટી ઓફ કેલિફોર્નિયા માંથી પી એચ ડી ની પદવી પ્રાપ્ત કરનારા દેશ ના જાણીતા પર્યાવરણ વિદ પ્રોફેસર જી ડી અગ્રવાલ સાહેબ પવિત્ર ગંગા નદી ની સફાઈ તેમજ અલકનંદા નદી પર બાંધ બનાવવા થી ગંગા નદી ના પ્રવાહ તેમજ આસપાસ ના પર્યાવરણ ને થનારા વ્યાપક નુકસાન અંતર્ગત પીએમ મોદીને ત્રણ પત્રો લખ્યા હતા પરંતુ આ જડ સરકારે પ્રોફેસર અગ્રવાલ ની વાત પર ધ્યાન ન આપ્યું , અંતત તેઓએ ૨૨ જૂન ૨૦૧૮ ના રોજ આમરણાંત ઉપવાસ શરૂ કર્યા અને ૧૧૧ દિવસના ઉપવાસ ના અંતે ૧૧ ઓક્ટોબર ૨૦૧૮ના રોજ તેમણે દેહત્યાગ કર્યો. હાલ મા , દિલ્હી ના જંતર મંતર પર કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાન ના રાજીનામા ની પ્રબળ માંગ સાથે ઉપવાસ પર બેઠેલા સોનમ વાંગચૂકજી સાથે પણ આવું થઈ શકવાની ભીતિ સેવાઈ રહી છે. કોંગ્રેસ પાર્ટી સહિત દરેક વિપક્ષી દળ ના શીર્ષસ્થ નેતાઓ, જાણીતા બોલિવૂડ સેલિબ્રિટીઝ સહિત દેશ ની યુવા , દેશ ના Gen Z આજે સોનમ વાંગચુકજી ને પોતાના અનશન સમાપ્ત કરવા વિનંતી કરી રહ્યા છે. દેવાહી દેવ મહાદેવ ભોળાનાથ સોનમ વાંગચૂકજીને સ્વાસ્થ્ય પ્રદાન કરે પરંતુ કઈ અઘટિત બન્યું તો જવાબદાર કેન્દ્ર સરકાર હશે.

# વિશ્વભરના ન્યૂઝમાં સોનમ વાંગચૂકની હડતાળની ગુંજ



ALJAZEERA

OPINION

Opinion | Narendra Modi

## Modi is using a cannon to kill a cockroach

*A student parody account has rattled India's most powerful man and exposed just how thin his skin has become.*

By Vidya Krishnan
Investigative journalist.

9 Jun 2026

Listen (8 mins) Save Share Add Al Jazeera on Google

A supporter of the Cockroach Janta Party (CJP) holds placards featuring the group's logo and calling for the resignation of the Education Minister during a protest against alleged examination paper leaks on June 06, 2026 in New Delhi, India [Ritesh Shukla/Getty Images]

In recent weeks in India, Prime Minister Narendra Modi's government's profound insecurity has resulted in the deplatforming of college students who came together to form a satirical parody account called "Cockroach Janta Party".

The Cockroach Janta Party (CJP) came to be after India's Chief Justice Surya Kant

**મોદી તોપનો ઉપયોગ કરીને વંદો મારી રહ્યા છે – અલ જઝીરા**



The Indian EXPRESS
JOURNALISM OF COURAGE

EXPRESS OPINION

NEWS / OPINION / COLUMNS / A confident democracy does not fear Sonam Wangchuk

## A confident democracy does not fear Sonam Wangchuk

*It talks to him. It lets students protest. And it allows peaceful marches to Parliament instead of treating dissent as a threat*

Written by:
C. Uday Bhaskar


4 min read
Jul 16, 2026 06:03 PM IST

Make us preferred source on Google
Share
Comments
Bookmark
Print

Sonam Wangchuk's insistence on a resignation is not simply about one minister or one examination. It is a defence of the proposition that democratic politics requires a grammatical subject. Before institutions can be repaired, we must acknowledge who specifically broke them

My daughter Swara and I went to Jantar Mantar on July 14. We went as citizens, to express solidarity with Sonam Wangchuk, and to make a simple appeal: Please end your fast.

**એક આત્મવિશ્વાસુ લોકશાહી સોનમ વાંગચુકથી ડરતી નથી : ધ ઇન્ડિયન એક્સપ્રેસ**




The Guardian

## 'I'm sorry but I'm unable to speak': hero of India's Cockroach party weakens on 19th day of hunger strike

The climate activist and engineer Sonam Wangchuk, who has become the figurehead of anti-government protests in Delhi, is resisting calls to end his fast until the education minister resigns

Sonam Wangchuk during his hunger strike at Jantar Mantar, Delhi. Photograph: Amrit Dhillon

**CJPનો યુવાનોના ગુસ્સાને પ્રતિબિંબિત કરે છે : ધ ગાર્ડિયન**



BBC

Home News Football 2026 Sport Business Technology Health Culture Arts Travel Earth Audio Video Live

## One man's hunger strike changed India's map. Can it still change politics?

8 hours ago

Share Save Add as preferred on Google


Soutik Biswas
India correspondent

Hindustan Times via Getty Images

Environmental activist Sonam Wangchuk has survived for 19 days on just salt water at a hunger strike in Delhi

It took 58 days without food to change India's map.

**વાંગચૂક સરકારની અંતરઆત્માને જગાવવા માટે ભૂખહડતાળ કરી રહ્યા છે : BBC**



The Washington Post

## India's Gen Z 'cockroaches' took protest to the streets. Now they rally around a hunger strike

An activist's hunger strike has become a rallying point for India's new Cockroach Janta Party, a youth-led movement that emerged in response to exam paper leaks and student suicides

July 16, 2026 at 7:05 a.m. EDT
Yesterday at 7:05 a.m. EDT

By Sheikh Saaliq and Shonal Ganguly | AP

NEW DELHI — The protest camp came to life as student demonstrators rolled up their bedding after another night under the open sky. At the heart of the camp, activist Sonam Wangchuk lay inside a tent, his weakened frame showing the toll of weeks on hunger strike.

"If not fasting, what? Riots in the streets? That's what we don't want to do. So this is a peaceful way to take your voice to the government," Wangchuk said on a recent afternoon as worried supporters checked on him.

# સૌરાષ્ટ્રમાં પરંપરા હજુ જીવંત છે

### વિરપુરમાં પશુપ્રેમની અનોખી મિસાલ

## દીકરા સમાન બળદને સમાધિઃ 30 વર્ષથી ઉજવે છે અનોખી તિથિ

### બળદને ભગવાન સમાન માનતા હતાઃ તિથિ ઉપર ભજન કિર્તન અને બટુક ભોજનનું આયોજન થાય છે



**સિટી ન્યૂઝ@વિરપુર**

30 વર્ષ પહેલાં પોતાના વહાલસોયા બળદને હિંદુ શાસ્ત્રોક્ત વિધિથી સમાધિ આપનાર એક ખેડૂત આજે પણ દર અષાઢી બીજના દિવસે તેની તિથિ ઉજવે છે. રાજકોટ જિલ્લાના યાત્રાધામ વીરપુરના ખેડૂત ગોવિંદભાઈ વેકરીયાનો આ અનોખો પશુપ્રેમ આજે પણ લોકો માટે પ્રેરણારૂપ બન્યો છે. સૌરાષ્ટ્રના યાત્રાધામ વીરપુરમાં રહેતા અને મૂળ ગોંડલ તાલુકાના મશીતાળા ગામના ખેડૂત ગોવિંદભાઈ વેકરીયાએ પશુપ્રેમનું અનોખું ઉદાહરણ પૂરું પાડ્યું છે. વર્ષ ૧૯૯૭માં અષાઢી બીજના પાવન દિવસે તેમના ૧૮ વર્ષ સુધી ખેતીમાં સાથ આપનાર જાતવાન બળદનું અવસાન થતાં તેમણે તેને સામાન્ય રીતે દફનાવવાને બદલે હિંદુ શાસ્ત્રોક્ત વિધિથી પોતાના ખેતરમાં સમાધિ આપી હતી.તે સમયે ટ્રેક્ટરમાં બળદને લઈ હજારો લોકોની હાજરીમાં હરિગુરૂઓ અને સાધુ-સંતોના સાનિધ્યમાં વૈદિક વિધિથી સમાધિ આપવામાં આવી હતી. પોતાના દીકરા સમાન માનતા બળદને વિદાય આપતી વખતે ગોવિંદભાઈની આંખો પણ ભીની થઈ ગઈ હતી.સમાધિ બાદ ગોવિંદભાઈએ બટુક ભોજન, સંતવાણી અને ભજન-કીર્તનનું આયોજન કર્યું હતું. એટલું જ નહીં, સંતવાણીમાંથી મળેલી સમગ્ર રકમ પંખીઓને ચણ નાખવા જેવી જીવદયાની પ્રવૃત્તિમાં ખર્ચવામાં આવી હતી. ત્યારથી લઈને આજે 30 વર્ષ બાદ પણ ખેડૂત ગોવિંદભાઈ અને તેમનો પરિવાર દર અષાઢી બીજના દિવસે તેઓ પોતાના વહાલસોયા બળદના ફોટાને ભગવાનની જેમ પૂજા કરીને આત્મશાંતિ માટે બટુક ભોજન, સંતવાણી અને ભજન-કીર્તનનું આયોજન કરે છ. "એક બળદ હંમેશા ખેડૂતના કમાઉ દીકરા સમાન હોય છે.





### હડમડિયામાં પ્રકૃતિનો અદભુત સંકેત

## પથ્થરમાંથી 3 ગરોળીઓ નિકળતા 12 આની વરસાદની આગાહી

**સિટી ન્યૂઝ@ગોંડલ**

આજના આધુનિક યુગમાં પણ આપણી સંસ્કૃતિ અને લોકપરંપરાઓ આજે પણ જીવંત છે. ગોંડલ તાલુકાના હડમડિયા ગામમાં અષાઢી બીજના પવિત્ર દિવસે એક અત્યંત અનોખી પરંપરા જોવા મળે છે. આ ખાસ દિવસે ગામનો કોઈ પણ ખેડૂત ખેતરે(Hadmadiya Village Tradition) જતો નથી કે કોઈ પોતાનો ધંધો-રોજગાર ચાલુ રાખતું નથી. આખું ગામ સ્વયંભૂ રજા પાળીને ગામના પાદરે આવેલા 'ખાખરાવાળી ખોડિયાર માતાજી'ના મંદિરે એકઠું થાય છે. આ પરંપરા શ્રદ્ધા, સંસ્કૃતિ અને વર્ષાઋતુના આગામી વરતારા (ભવિષ્યવાણી)નો એક અનોખો સંગમ છે.

અષાઢી બીજના દિવસે સાંજે ૫ વાગ્યે ગામની નાની દીકરીઓ પોતપોતાના ઘરેથી બોર અથવા ડંકીનું શુદ્ધ પાણી ભરેલા કળશ માથા પર મૂકીને, ઢોલ-નગારાના તાલે વાજતે-ગાજતે મંદિરે પહોંચે છે. ગામના વડીલો આ કુંવારી કન્યાઓ દ્વારા લાવવામાં આવેલું પવિત્ર જળ ત્યાં રહેલા માતાજીના પથ્થર પર અર્પણ કરે છે. જલાભિષેક પૂર્ણ થયા બાદ આગામી વર્ષના વરતારાની જાણવા આખું ગામ આતુરતાપૂર્વક રાહ જુએ છે.

સ્થાનિક અગ્રણી ઘનશ્યામભાઈ જોશીએ જણાવ્યું હતું કે, આ પરંપરા અંદાજે ૧૦૦ વર્ષ જૂની છે. પહેલાના સમયમાં જ્યારે આ પથ્થર પર દીકરીઓ દ્વારા પાણી ચડાવવામાં આવતું ત્યારે પથ્થરની તિરાડમાંથી વીંછી બહાર નીકળતા હતા. જો તે સમયે એક કે બે વીંછી નીકળે તો '૧૨ આની' (મધ્યમથી સારો) અને જો ચાર વીંછી નીકળે તો '૧૬ આની' (ભરપૂર અને અતિ ઉત્તમ) વરસાદનું વર્ષ ગણાતું હતું.

છેલ્લા ૧૦-૧૫ વર્ષથી હવે વીંછીના સ્થાને પથ્થરમાંથી ગરોળીઓ બહાર નીકળે છે. આ વર્ષે પણ જેવો જલાભિષેક કરવામાં આવ્યો કે તરત જ ત્રણ ગરોળીઓ બહાર આવી હતી. આ સંકેત દર્શાવે છે કે આ વર્ષ '૧૨ આની' એટલે કે ખૂબ જ સારું અને સમૃદ્ધ રહેશે. ગ્રામજનો આને કોઈ અંધશ્રદ્ધા નહીં, પરંતુ પ્રકૃતિ અને પરમાત્મા વચ્ચેનો અતૂટ નાતો માને છે.

## ગ્રીન ઈન્ડિયા તરફ દોડ : હરિયાણાથી લખાયો નવો ઈતિહાસ

# દેશની પ્રથમ હાઈડ્રોજન ટ્રેન શરૂ: મોદીએ આપી લીલી ઝંડી



## રેલવેમાં ક્રાંતિ; ભારત વિશ્વનો પાંચમો દેશ બન્યો હાઈડ્રોજન ટ્રેન સાથે ભારતનો નવો યુગ







**સિટી ન્યૂઝ@અમૃતસર**

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શુક્રવારે દેશની પ્રથમ હાઈડ્રોજન ટ્રેનને લીલી ઝંડી આપીને રવાના કરી. આ ટ્રેન હરિયાણાના જીંદથી સોનીપત જશે. આ સાથે જ હાઈડ્રોજન ફ્યુઅલથી ચાલતી ટ્રેન શરૂ કરનાર ભારત વિશ્વનો પાંચમો દેશ બની ગયો છે. આ પહેલા જર્મની, ફ્રાન્સ, સ્વીડન અને ચીનમાં જ હાઈડ્રોજન ટ્રેનો ચાલી રહી છે. વડાપ્રધાન મોદીએ કહ્યું, જીંદ અને સોનીપત વચ્ચે દોડતી આ ટ્રેન દુનિયાની સૌથી લાંબી અને શક્તિશાળી હાઈડ્રોજન ટ્રેન છે. તેને ભારતીય એન્જિનિયરો દ્વારા ડિઝાઈન કરવામાં આવી છે અને ભારતીય કંપની દ્વારા બનાવવામાં આવી છે.

પીએમ મોદીએ સંબોધન કરતા કહ્યું- હરિયાણા વિકાસના પાટા પર દોડી રહ્યું છે. આજે હરિયાણાનું નામ ઈતિહાસના પેજમાં લખાઈ ગયું. આજે હરિયાણામાં દેશની પ્રથમ હાઈડ્રોજન ટ્રેન દોડી છે.

વડાપ્રધાન સાથે રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવ, મુખ્યમંત્રી નાયબ સૈની અને રાજ્યપાલ પ્રો. અસીમ ઘોષ પણ હાજર છે. આ રૂટ પર ૮૯ કિમીનું અંતર ૨ કલાકમાં કપાશે. ૧૦ કોચવાળી આ ટ્રેન આ રૂટ પર ૧૪ સ્ટેશનો વચ્ચે મહત્તમ ૭૫ કિમી પ્રતિ કલાકની ઝડપે દોડશે. ભાડું ૫ થી ૨૫ રૂપિયાની વચ્ચે હશે. પીએમ મોદીએ જીંદમાં એલિવેટેડ રેલવે ટ્રેક, બે મેડિકલ કોલેજો સહિત ૯ પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કર્યું હતું.

PMએ કહ્યું- શક્તિપીઠ માતા જયંતિનું નામ અને આશીર્વાદ આ શહેર પર બની રહે છે. મારા માટે તો જીંદ આવવું જૂની યાદોની બારી ખોલવા જેવું છે. હું બેઠા-બેઠા ઘણા જૂના અને પરિચિત ચહેરા જોઈ રહ્યો હતો. ઘણા દાયકાઓ પહેલા હું સંગઠનના કામથી પહેલીવાર જીંદ આવ્યો હતો. પછી તમે લોકોએ મને જે આત્મીયતા અને પ્રેમ આપ્યો, તે હું આજ સુધી ભૂલ્યો નથી. મુર્રા ભેંસનું દૂધ-દહીં અને ઘી. જીંદનો ઘેવર...આ એ યાદો છે જે જીંદ સાથે જોડાઈ જાય છે.

આજે જીંદ અને આખા હરિયાણાનું નામ ઈતિહાસના પાનાઓમાં નોંધાઈ ગયું છે. આજે આ જ ધરતી પરથી દેશને પહેલી હાઈડ્રોજન ટ્રેન મળી છે. સાથીઓ, આજે પણ આપણે વાંચીએ અને સાંભળીએ છીએ કે ભારતની પહેલી ટ્રેન બોમ્બે (મુંબઈ) થી થાણે વચ્ચે દોડી હતી. તેવી જ રીતે ભવિષ્યમાં જ્યારે પણ દેશમાં હાઈડ્રોજન ટ્રેનની શરૂઆતનો ઉલ્લેખ થશે.

## હાઈડ્રોજન ટ્રેન ચલાવવાથી ધૂમાડો નહીં માત્ર પાણી જ નીકળે છે


૧૭ જુલાઈના રોજ હરિયાણાના જીંદ સ્ટેશનથી એક અનોખી ટ્રેન ચાલશે. આને ચલાવવા માટે ન તો ડીઝલ જોઈએ, ન તો વીજળી. ચાલવા પર ન તો ધુમાડો થશે, ન તો રાખ; નીકળશે માત્ર પાણી. આ ભારતની પહેલી હાઈડ્રોજન ટ્રેન છે. જીંદથી સોનીપત વચ્ચેના ૮૯ કિલોમીટરના સફરમાં આ ટ્રેન ૬૮૨ મુસાફરોને લઈને દોડશે અને દુનિયાની સૌથી શક્તિશાળી હાઈડ્રોજન ટ્રેનોમાં ગણાશે. વર્ષ ૧૭૭૬, હેનરી કેવેન્ડિશ નામના વૈજ્ઞાનિક ઝીંક ધાતુને તેજાબમાં નાખે છે. અચાનક વાસણમાંથી પરપોટા નીકળવા લાગે છે. આ એક એવા ગેસના પરપોટા હતા, જેને પહેલાં ક્યારેય કોઈએ ઓળખ્યો નહોતો. જ્યારે કેવેન્ડિશે આ રંગહીન ગેસમાં ચિંગારી લગાવી, તો હળવા ભમ્મ જેવા અવાજ સાથે પાણીના ટીપાં બની ગયા. અહીંથી જ આ રહસ્ય ખૂલ્યું કે પાણી કોઈ એક વસ્તુ નથી, પરંતુ બે અલગ-અલગ ગેસો- હાઈડ્રોજન અને ઓક્સિજનથી મળીને બન્યું છે. વિચારો, જે પાણી આપણે રોજ પીએ છીએ, તેમાં એ જ ગેસ છે જેનાથી ટ્રેન ચાલી રહી છે. આ કામ ફ્રાન્સના એક કેમિસ્ટ દ્વારા કરવામાં આવ્યું. તેમણે ગ્રીક ભાષાના બે શબ્દો જોડ્યા- હાઈડ્રો એટલે કે પાણી, અને જેનસ એટલે કે જન્મેલું. હાઈડ્રોજનનો અર્થ થાય છે પાણીમાંથી જન્મેલું. ૧૮૦૦ ઈસ્વીમાં બે બ્રિટિશ વૈજ્ઞાનિકોએ આનાથી ઉલટો ચમત્કાર કરી બતાવ્યો. તેમણે પાણીમાં વીજળીનો કરંટ પસાર કરીને તેને હાઈડ્રોજન અને ઓક્સિજન ગેસમાં તોડી નાખ્યું. આ પદ્ધતિને નામ મળ્યું ઈલેક્ટ્રોલિસિસ. આજે આ જ પદ્ધતિથી દુનિયાભરમાં હાઈડ્રોજન બનાવવામાં આવી રહ્યું છે. ૧૮૩૮માં એક કેમિસ્ટને જાણવા મળ્યું કે હાઈડ્રોજન અને ઓક્સિજનને સાથે મેળવવાથી માત્ર પાણી જ નહીં, એનર્જી પણ પેદા થાય છે. ઈંગ્લેન્ડના વૈજ્ઞાનિક અને જજ વિલિયમ ગ્રોવે આ જ સિદ્ધાંત પર એક અસલી મશીન બનાવી દીધું, જેને તેમણે ગેસ બેટરી કહ્યું. આમાં હાઈડ્રોજનની એનર્જીને બેટરીમાં સ્ટોર કરી શકાતી હતી. આ જ દુનિયાનો પહેલો ફ્યુઅલ સેલ હતો. આ જ કારણે ગ્રોવને ફાધર ઓફ ધ ફ્યુઅલ સેલ કહેવામાં આવે છે.

### અગાઉના આઠ આતંકી સાથે મળી વિસ્ફોટકનું પરીક્ષણ કરી રહ્યા હતા

# ગુજરાતમાંથી વધુ 5 આતંકીની ધરપકડ

## »જૈશ–એ–મોહમ્મદ સાથે આતંકીઓ જોડાયેલા હતા

**સિટી ન્યૂઝ@અમદાવાદ**



ગુજરાત ATSએ જૈશ-એ-મોહમ્મદના વધુ ૫ આતંકીની ધરપકડ કરી છે. અગાઉ ATSએ ૮ આતંકીઓની ધરપકડ કરી હતી, જેમની તપાસ દરમિયાન વધુ ૫ નામ સામે આવતા ATSએ આતંકીઓની ધરપકડ કરી છે. પાંચેય ગુજરાતના જ અલગ-અલગ જિલ્લામાંથી ઝડપાયા છે. પાંચેય પાકિસ્તાન સ્થિત આતંકી સંગઠન જૈશ-એ-મોહમ્મદ સાથે જોડાયેલા હતા. આ કેસમાં અગાઉ અનેક શકમંદની પૂછપરછ કરીને નિવેદન લેવામાં આવ્યા હતા, જે બાદ પાંચની ધરપકડ કરવામાં આવી છે.


ઝડપાયેલા આતંકીઓ અગાઉ ઝડપાયેલા ૮ આતંકીઓ સાથે જ સંકળાયેલા હતા. આ તમામ વિસ્ફોટકોનું પરીક્ષણ પણ કરી રહ્યા હતા. હાલ તમામને ATS લાવી પૂછપરછ કરવામાં આવી રહી છે.

આતંકીઓને અગાઉ બનાસકાંઠા પૂછપરછ માટે લાવવામાં આવ્યા હતા. પૂછપરછમાં આતંકી હોવાનું સામે આવ્યું હતું. આતંકીઓના મોબાઈલમાંથી ઘણી બધી લિટરેચરની PDF મળી હતી. આતંકીઓ જે બોમ્બ બનાવાનો પ્રયત્ન કરી રહ્યા હતા તેની પણ PDF મળી હતી. કેવા બોમ્બ બનાવવા તેનું સાહિત્ય પણ મળ્યું હતું. આતંકીઓએ ૮ વાર અલગ અલગ જગ્યાઓ પર બોમ્બ બ્લાસ્ટનું પરીક્ષણ કર્યું હતું. આતંકીઓ પ્રો-જેહાદી હોવાનું સામે આવ્યું છે.

પ્રો-જેહાદી હોવાથી આ આરોપીઓ ખતરનાક હોવાનું સામે આવ્યું છે. ૫ આતંકીઓ પાસેથી મળેલ સાહિત્ય જૈશ સાથે જોડાયેલ હોવાનું સામે આવ્યું છે. આતંકીઓની વિચારધારા જૈશ-એ-મોહમ્મદ સાથે જોડાયેલ હોવાનું સામે આવ્યું છે.

ગુજરાત એન્ટી ટેરરિસ્ટ સ્ક્વોડ (ATS)એ આતંકવાદ વિરોધી અભિયાન અંતર્ગત મોટી કાર્યવાહી કરી છે. ATS ટીમે પ્રતિબંધિત આતંકી સંગઠન 'જૈશ-એ-મોહમ્મદ' સાથે સંકળાયેલા પાંચ શંકાસ્પદ આતંકીની સિદ્ધપુર ખાતેથી ધરપકડ કરી છે. કડી કોર્ટે આ પાંચેય આરોપીના આઠ દિવસના પોલીસ રિમાન્ડ મંજૂર કર્યા છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, ATS દ્વારા અગાઉ આતંકી સંગઠન સાથે સંકળાયેલા આઠ આરોપીની અટકાયત કરવામાં આવી હતી.




# એર ઈન્ડિયાની એપ લોન્ચ

## ફ્લાઈટ મોડી પડે કે રદ્દ થાય તો હોમ સ્ક્રીન પર મફત હોટેલ–કેબીન વિગતો મળશે : પેમેન્ટ સરળ બનશે

**સિટી ન્યૂઝ@નવી દિલ્હી**

એર ઈન્ડિયાએ મુસાફરી સરળ બનાવવા માટે તેની મોબાઈલ એપ્લિકેશનને નવી સુવિધાઓ સાથે અપડેટ કરી છે. હવે આ એપ દ્વારા માત્ર ટિકિટ બુકિંગ જ પહેલા કરતા વધુ ઝડપથી થશે નહીં, પરંતુ ફ્લાઇટ મોડી પડે કે રદ થાય તો મુસાફરોને એરપોર્ટ પર પરેશાન થવું પડશે નહીં.

આવી કોઈપણ સ્થિતિમાં, હોટલમાં રોકાવા અને ત્યાં સુધી જવા માટે કેબની સંપૂર્ણ માહિતી સીધી એપની હોમ સ્ક્રીન પર જ મળશે. આ સાથે જ એપના પેમેન્ટ સિસ્ટમને પણ અપગ્રેડ કરવામાં આવ્યું છે, જેનાથી ટિકિટ બુક કરવી અને પેમેન્ટ કરવું પહેલા કરતા વધુ સરળ બની ગયું છે. એરલાઇને નવા અપડેટમાં પોતાનું તૈયાર કરેલું ઇન-હાઉસ ઇન્ટરનેટ બુકિંગ એન્જિન ઉમેર્યું છે. આની મદદથી એપનું યુઝર ઇન્ટરફેસ પહેલા કરતાં વધુ ઝડપી અને રિસ્પોન્સિવ બન્યું છે. હવે મુસાફરોને ટિકિટ બુક કરતી વખતે એપ ધીમી પડવાની કે અટકી જવાની સમસ્યાનો સામનો કરવો પડશે નહીં અને બુકિંગ અત્યંત સરળ બની જશે.

એર ઇન્ડિયાના ચીફ ડિજિટલ અને ટેકનોલોજી ઓફિસર સત્ય રામાસામીએ પીટીઆઈને જણાવ્યું કે એપનું નવું 'પેમેન્ટ ઓર્કેસ્ટ્રેશન સિસ્ટમ' અમને ભારતની દ્રષ્ટિએ અનેક પ્રકારના નવા ટેકનિકલ ફેરફારો અને ઇનોવેશન કરવાની સુવિધા આપશે.

### સરકારે આદેશ જાહેર કર્યા : હૂમલામાં 14 ભારતીયોના મોત બાદ નિર્ણય

# હોર્મુઝમાં ભારતીય નાવિકોની તૈનાતી પર રોક

**સિટી ન્યૂઝ@નવી દિલ્હી**

ખાડી પ્રદેશમાં વધતા સુરક્ષા જોખમને ધ્યાનમાં રાખીને, ભારતે આગામી આદેશ સુધી હોર્મુઝ સ્ટ્રેટમાંથી પસાર થતા જહાજો પર ભારતીય નાવિકો (સીફેરર્સ)ની નવી તૈનાતી પર રોક લગાવી દીધી છે. આ આદેશ જહાજ માલિકો, જહાજ વ્યવસ્થાપન કંપનીઓ અને નાવિકોની ભરતી કરતી રિક્રુટમેન્ટ એન્ડ પ્લેસમેન્ટ સર્વિસ લાઇસન્સ કંપનીઓ પર લાગુ પડશે.

સરકારે તમામ દરિયાઈ કંપનીઓને અરબની ખાડી, હોર્મુઝ સ્ટ્રેટ અને આસપાસના દરિયાઈ વિસ્તારોમાં વધારાની સાવચેતી રાખવાનો નિર્દેશ આપ્યો છે. સાથે જ કહેવામાં આવ્યું છે કે તેઓ નેવિગેશન સંબંધિત તમામ ચેતવણીઓ અને સુરક્ષા સલાહ પર સતત નજર રાખે અને ઇન્ટરનેશનલ શિપ એન્ડ પોર્ટ ફેસિલિટી સિક્યુરિટી (ISPS) કોડનું સંપૂર્ણ પાલન કરે.

સરકારનો આ નિર્ણય એવા સમયે આવ્યો છે, જ્યારે આ જ અઠવાડિયે હોર્મુઝ સ્ટ્રેટ અને તેની આસપાસ થયેલા ઈરાની હુમલાઓમાં બે ભારતીય નાવિકોના મોત થયા. અમેરિકા-ઈરાન સંઘર્ષ પછી આ દરિયાઈ માર્ગ પર હુમલાઓનો ખતરો વધી ગયો છે. રિપોર્ટ્સ અનુસાર, ૨૮ ફેબ્રુઆરીથી અત્યાર સુધી આ ક્ષેત્રમાં થયેલા હુમલાઓમાં ઓછામાં ઓછા ૧૪ ભારતીય નાવિકોના જીવ ગયા છે.

જોકે, જો વિદેશી શિપિંગ કંપનીઓ ભારતની બહારથી નાવિકોની ભરતી કરે છે, તો ભારત સરકારનો આ આદેશ તેમના પર સીધો લાગુ પડશે નહીં.

ઈરાને દાવો કર્યો છે કે તેણે કુવૈતમાં અમેરિકી સૈન્ય ઠેકાણા પર મિસાઈલ અને ડ્રોનથી હુમલો કર્યો છે. ઈરાનનું કહેવું છે કે આ કાર્યવાહી દક્ષિણ ઈરાન પર અમેરિકાના રાતભર ચાલેલા હુમલાઓના જવાબમાં કરવામાં આવી છે. ઈરાન અનુસાર, હુમલામાં કુવૈતમાં હાજર અમેરિકી સૈનિકો અને અમેરિકી સૈન્ય રડાર સિસ્ટમને નિશાન બનાવવામાં આવ્યા હતા. હુમલા બાદ કુવૈતે પોતાની એર ડિફેન્સ સિસ્ટમ સક્રિય કરી દીધી હતી.

## અમૃતસરની ચોંકાવનારી ઘટના

# બોયફ્રેન્ડને ઘરે બોલાવી જીવતો સળગાવ્યો

## યુવતિની જાણ બહાર બોયફ્રેન્ડે લગ્ન કરી લેતા ગૂસ્સામાં પગલું ભર્યુ





હોસ્પિટલમાં દાખલ યુવતી અને તેનો પિતરાઈ ભાઈ

**સિટી ન્યૂઝ@અમૃતસર**

અમૃતસરમાં ગર્લફ્રેન્ડે પિતરાઈ ભાઈ સાથે મળીને બોયફ્રેન્ડને જીવતો સળગાવી દીધો. તેણે લગ્નની જાણ થતાં મળવાના બહાને ઘરે બોલાવ્યો હતો, પરંતુ રૂમમાં તેના પર પેટ્રોલ છાંટ્યું. આગ લાગી ત્યારે ગુસ્સે ભરાયેલા બોયફ્રેન્ડે બંનેને પણ પોતાની તરફ ખેંચી લીધા. જેના કારણે ગર્લફ્રેન્ડ અને તેનો ભાઈ પણ દાઝી ગયા.

બંનેને ગંભીર હાલતમાં હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. જ્યાં પોલીસે બંનેને કસ્ટડીમાં લઈને બહાર કર્મચારીઓ તૈનાત કર્યા છે. પોલીસને જાણવા મળ્યું કે યુવતીના બ્રેકઅપ પછી યુવક તેને મનાવવા ત્યાં આવ્યો હતો.

મજીઠા પોલીસ સ્ટેશનના SHO કરમપાલ સિંહે પુષ્ટિ કરી કે હોસ્પિટલમાં દાખલ યુવક અને યુવતીએ પોતાનો ગુનો કબૂલ કર્યો છે. હાલ મામલાની તપાસ ચાલી રહી છે અને હત્યાના કારણો શોધી કાઢવામાં આવી રહ્યા છે. ટૂંક સમયમાં પોલીસ આ અંગે ખુલાસો કરશે.

યુવકના બે મહિના પહેલા લગ્ન થયા હતા મજીઠા પોલીસ સ્ટેશનના SHO કરમપાલ સિંહે જણાવ્યું કે બલ ખુર્દ ગામના સંદીપ સિંહને યુવતીએ બોલાવીને પરિવાર સાથે મળીને ગુનાને અંજામ આપ્યો હતો. સંદીપ અને યુવતી એકબીજાને પહેલાથી ઓળખતા હતા અને બંને વચ્ચે પ્રેમ સંબંધ હતો. બંને પહેલા એકસાથે કામ કરતા હતા. યુવકના લગ્ન લગભગ બે મહિના પહેલા થયા હતા. જ્યારે યુવતીને આ વાતની ખબર પડી ત્યારે તેણે સંદીપને ઘરે બોલાવ્યો.

પોલીસના જણાવ્યા અનુસાર, બુધવારે સંદીપ સિંહ બાઈક પર મજીઠામાં તેની ગર્લફ્રેન્ડને મળવા તેના ઘરે પહોંચ્યો. અહીં તેણે યુવતીને બોલાવી અને વાત કરવા લાગ્યો. આ દરમિયાન બંને વચ્ચે થોડીવાર વાતચીત પછી દલીલ થઈ. જેના કારણે ત્યાં હોબાળો શરૂ થઈ ગયો.

યુવતીએ પરિવારના સભ્યો સાથે મળીને સંદીપ પર પેટ્રોલ છાંટ્યું. પછી ગુસ્સામાં આવેલી યુવતી અને તેના પિતરાઈ ભાઈએ પોતે જ સંદીપને આગ લગાડી દીધી. સંદીપને આગ લાગ્યા બાદ ઘટનાસ્થળે ચીસાચીસ મચી ગઈ અને લોકો તેને બચાવવા દોડી પડ્યા.




## ગાઝિયાબાદની ઘટના

# પુત્રએ 6 ગોળી મારીને પિતાની હત્યા કરી

## પિતાએ 25 વિઘા જમીન પુત્રના નામે કરી દીધી

## પુત્રને 150 કરોડની પ્રોપર્ટી જોઈતી હતી



**સિટી ન્યૂઝ@ગાઝિયાબાદ**

ગાઝિયાબાદમાં ૧૫૦ કરોડની પ્રોપર્ટીના વિવાદમાં પુત્રએ પિતાની હત્યા કરી દીધી. પોલીસના જણાવ્યા અનુસાર, બુધવારે રાત્રે ૧૨ વાગ્યે આરોપીએ પિસ્તોલથી પિતાના ચહેરા, છાતી અને પેટમાં ૬ ગોળીઓ મારી હતી. પુત્ર દારૂ પીને ઘરે આવ્યો હતો. પિતાએ તેને ઠપકો આપ્યો. આ પછી તેણે પિતાની હત્યા કરી હતી.

પતિનો મૃતદેહ જોઈને પત્ની ચીસો પાડી ઉઠી. પુત્રને કહ્યું- તેં આખું ઘર ઉજ્જડ કરી દીધું. ગોળીઓના અવાજ સાંભળીને પાડોશીઓ ઘટનાસ્થળે પહોંચ્યા, પરંતુ ત્યાં સુધીમાં આરોપી ભાગી ગયો હતો. આરોપી પુત્ર નિખિલ (૩૨) પ્રોપર્ટી પોતાના નામે કરાવવા માટે પિતા હરિઓમ ચૌધરી (૫૨) પર દબાણ કરી રહ્યો હતો.

હરિઓમ આ માટે તૈયાર ન હતા. તેમનું કહેવું હતું કે પુત્ર જમીન વેચીને દારૂ પી જશે. રાત્રે પણ જ્યારે પિતાએ ઠપકો આપ્યો ત્યારે વિવાદ વધ્યો અને નિખિલે પિતાની હત્યા કરી દીધી.

લગભગ ૮ વર્ષ પહેલા નિખિલે પોતાના નાના ભાઈ નીશુને પણ ગોળી મારી હતી, પરંતુ તેનો જીવ બચી ગયો હતો. આરોપીની શોધમાં પોલીસની ૪ ટીમો લગાડવામાં આવી છે. ઘટના મોદીનગર પોલીસ સ્ટેશન વિસ્તારની છે.

હરિઓમ બુદાણા ગામના રહેવાસી હતા. તેઓ સમૃદ્ધ ખેડૂત હતા. મોદીનગરમાં તેમના નામે ૭૫ વીઘા જમીન અને દિલ્હી-મેરઠ રોડ પર જીવન હોસ્પિટલ સામે એક માર્કેટ છે. તેમની કુલ સંપત્તિ આશરે ૧૫૦ કરોડ રૂપિયા હોવાનું કહેવાય છે. પરિવારમાં પત્ની મીનાક્ષી, મોટો પુત્ર નિખિલ અને નાનો પુત્ર નીશુ છે. બંને પુત્રોના લગ્ન થયા નથી. એસીપી ભાસ્કર વર્માએ જણાવ્યું કે મોટો દીકરો નિખિલ ૧૨મા ધોરણ સુધી ભણ્યો છે. દારૂનો વ્યસની છે. આ જ કારણે પિતા સાથે તેનો અવારનવાર ઝઘડો થતો હતો. તેમણે નિખિલને માર્કેટમાં દુકાનો અને ૨૫ વીઘા જમીન આપી હતી, પરંતુ તે બાકીની સંપત્તિ પણ પોતાના નામે કરાવવા માંગતો હતો.

એસીપીએ જણાવ્યું કે બુધવારે રાત્રે હરિઓમ ચૌધરીએ પત્ની અને નાના દીકરા સાથે જમ્યા. તે સમયે મોટો દીકરો નિખિલ ઘરે નહોતો. તે મોડી રાત્રે દારૂ પીને ઘરે પહોંચ્યો. પિતાએ દારૂ પીને આવવા બદલ તેને ઠપકો આપ્યો.

અવાજ સાંભળીને હરિઓમની પત્ની મીનાક્ષી અને નાનો દીકરો નીશુ પણ ત્યાં પહોંચી ગયા. આ દરમિયાન ઝપાઝપી થઈ અને નિખિલે પિતા પર ધડાધડ ૬ ગોળીઓ ચલાવી દીધી.

## અમદાવાદમાં ફિલ્મી ડ્રામા જેવો કિસ્સો

# 61 વર્ષીય પત્નીને પ્રેમ થતા પતિને જાનનું જોખમઃ કોર્ટમાં પહોંચ્યો મામલો




## કોર્ટે આ મામલાની ગંભીરતાને ધ્યાને રાખીને સાયબર ક્રાઈમ બ્રાન્ચને તપાસ કરવાનો આદેશ આપ્યો

**સિટી ન્યૂઝ@અમદાવાદ**

કહેવાય છે ને કે 'પ્યાર કી કોઈ ઉંમર નહીં હોતી'! અમદાવાદમાં આ કહેવતને ચરિતાર્થ કરતો પરંતુ અત્યંત ચોંકાવનારો અને ફિલ્મી ડ્રામા જેવો કિસ્સો સામે આવ્યો છે. અહીં એક ૬૧ વર્ષીય પરિણીત મહિલાને પ્રેમ થતાં તેના પતિના જીવ પર જોખમ ઊભું થયું છે.

પત્ની અને તેના પ્રેમીના ત્રાસ અને ધમકીઓથી કંટાળીને પોતાના જીવની રક્ષા કરવા માટે પતિએ પોતે જ 'જાસૂસ' બનવું પડ્યું છે. આ અનોખા કિસ્સાની ચર્ચા હાલ સમગ્ર શહેરમાં જોરશોરથી ચાલી રહી છે.

મળતી વિગતો અનુસાર, અમદાવાદના એક વરિષ્ઠ નાગરિકે પોતાની પત્નીના પ્રેમસંબંધો અને ત્યારબાદ મળતી ધમકીઓ સામે અનોખી લડાઈ શરૂ કરી છે. પત્નીના પ્રેમી તરફથી જીવનું જોખમ હોવાના આક્ષેપ સાથે પતિએ બંનેની ગતિવિધિઓ પર નજર રાખવાનું શરૂ કર્યું હતું.

જાસૂસ બનીને આ પીડિત પતિએ પોતાની હોશિયારીથી પત્ની અને તેના પ્રેમી વચ્ચેની વાતચીતના કથિત ઓડિયો રેકોર્ડિંગ્સ અને અન્ય ડિજિટલ પુરાવાઓ ગુપ્ત રીતે ભેગા કરી લીધા હતા. આ ઓડિયોમાં પતિને રસ્તામાંથી હટાવી દેવા અથવા મારી નાખવાની ધમકીઓ હોવાનો દાવો પણ પતિ દ્વારા કરાયો છે.

પોતાના જીવને બચાવવા અને ન્યાય મેળવવા માટે પતિએ આ તમામ સજ્જડ ઓડિયો પુરાવાઓ કોર્ટ સમક્ષ રજૂ કર્યા હતા. આધેડ વયે પ્રેમ, ધમકી અને જાસૂસીના આ અજીબોગરીબ કિસ્સાને જોઈને કોર્ટ પણ ચોંકી ઉઠી હતી.

કોર્ટે આ મામલાની ગંભીરતાને ધ્યાને રાખીને અમદાવાદ સાયબર ક્રાઈમ બ્રાન્ચને આ સમગ્ર મામલે તટસ્થ તપાસ કરવાનો કડક આદેશ આપ્યો છે. આ સાથે જ અદાલતે સાયબર ક્રાઈમને આગામી 30 દિવસની અંદર આ રેકોર્ડિંગ્સની સત્યતા તપાસીને વિગતવાર અહેવાલ કોર્ટ સમક્ષ રજૂ કરવા નિર્દેશ આપ્યો છે. હવે આ પ્રેમ અને જાસૂસીની આખી કહાની કાનૂની ચોપડે ચડી છે.





## કર્ણાટકની ચોંકાવનારી ઘટના

# ચાલતી બસમાં યુવતીને પ્રપોઝ કર્યું ના પાડી તો યુવાને જાહેરમાં હત્યા કરી

**સિટી ન્યૂઝ@નવી દિલ્હી**

પ્રારંભિક તપાસમાં પોલીસે આરોપીની ઓળખ ૨૨ વર્ષીય ચેતન તરીકે કરી છે. ચેતન પીડિતાનો દૂરનો સંબંધી હોવાનું કહેવાય છે અને અપ્રતિમ પ્રેમને કારણે તેનો પીછો કરતો હતો. લાવણ્યાનો પીછો કરતા ચેતન બસમાં ચઢી ગયો.

પ્રાથમિક માહિતી મુજબ, લાવણ્યા કાક્યાપડાવુ જતી KSRTC બસમાં ચઢી રહી હતી. i૧0 કારમાં રાહ જોઈ રહેલા ચેતન તેની પાછળ બસમાં ચઢી ગયો. બસની અંદર, લાવણ્યાએ ફોન પર એક સંબંધીને કહ્યું કે તેની બાજુમાં એક યુવાન બેઠો છે, ત્યારબાદ ફોન ડિસ્કનેક્ટ થઈ ગયો.

લાવણ્યા અને ચેતન દૂરના સગા હોવાનું કહેવાય છે, અને એવું સામે આવ્યું છે કે ચેતન લાવણ્યાને પ્રેમ કરતો હતો. જ્યારે ચેતને લાવણ્યા સામે લગ્ન કે બહાર જવાનો પ્રસ્તાવ મૂક્યો, ત્યારે લાવણ્યાએ તેનો સાફ ઇનકાર કરી દીધો હતો. આ નકારથી ગુસ્સે ભરાયેલા ચેતને અચાનક પોતાની બેગમાંથી એક મોટી છરી બહાર કાઢી હતી. આ ભયાનક દ્રશ્ય જોઈને લાવણ્યા ગભરાઈ ગઈ હતી અને પોતાનો જીવ બચાવવા માટે તાત્કાલિક ચાલુ બસમાંથી નીચે ઉતરીને ભાગવા લાગી હતી.

પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યા અનુસાર, લાવણ્યા જેવી બસમાંથી નીચે ઉતરી કે તરત જ ચેતને તેની પાછળ દોટ મૂકી હતી. લાવણ્યાએ બચવા માટે ભાગવાનો ખૂબ પ્રયાસ કર્યો, પરંતુ હિંસક બનેલા હુમલાખોરે તેને પકડી પાડી અને તેના પર છરી વડે



ઉપરાછાપરી જીવલેણ હુમલા કરવાનું શરૂ કરી દીધું હતું. આ ગંભીર હુમલામાં લાવણ્યાને અત્યંત ગંભીર ઈજાઓ પહોંચી હતી અને લોહીલુહાણ હાલતમાં ઘટનાસ્થળે જ તેનું કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું, જ્યારે આરોપી ત્યાંથી નાસી છૂટ્યો હતો.

આ ભયાનક હુમલા સમયે ત્યાંથી પસાર થતા એક રાહદારીએ પોતાના મોબાઈલ ફોનમાં આખી ઘટનાનો વીડિયો કેપ્ચર કરી લીધો હતો, જે બાદમાં સોશિયલ મીડિયા પર પણ વાયરલ થયો છે. કાયદાકીય કાર્યવાહી અને પોલીસ તપાસમાં આ વીડિયો હવે સૌથી મહત્વપૂર્ણ અને મજબૂત પુરાવો બની ગયો છે. આ ઘટનાએ તાજેતરમાં બેંગલુરુમાં બનેલી એવી જ એક કમનસીબ ઘટનાની યાદ તાજી કરાવી દીધી છે, જ્યાં સંબંધ તોડી નાખ્યા બાદ એક યુવકે યુવતીની નિર્મમ હત્યા કરી નાખી હતી.

# આ મંદિરો નહીં મેનેજમેન્ટ સ્કૂલ શીખવા જેવું



### હજુ સુધી એક પણ રૂપિયો નથી થયો ગુમ

## સાંવલિયા શેઠ 40 કરોડની મહિને આવકઃ હિસાબ ટનાટન

### રાજસ્થાનનું સાંવલિયા શેઠમાં કરોડોનો ચઢાવો : પારદર્શિતા ચર્ચામાં

**સિટી ન્યૂઝ@નવી દિલ્હી**

રાજસ્થાનના ચિત્તોડગઢ જિલ્લામાં આવેલું શ્રી સાંવલિયા શેઠ મંદિર દેશના સૌથી વધુ દાન મેળવનારા મંદિરોમાં સ્થાન ધરાવે છે. અહીં દર મહિને ભક્તો કરોડો રૂપિયાનું દાન કરે છે. કેટલાક મહિનાઓમાં દાનની રકમ ૪૦ કરોડથી પણ વધુ પહોંચી ગઈ છે.

તેમ છતાં મંદિરની સૌથી વિશેષ બાબત એ છે કે અહીં મળતા દરેક રૂપિયા, દરેક ગ્રામ સોનું અને દરેક દાનનો પારદર્શક રીતે હિસાબ રાખવામાં આવે છે.

મંદિરમાં મળતા દાનમાં રોકડ ઉપરાંત સોનું, ચાંદી, ચેક, ઓનલાઈન ટ્રાન્સફર અને વિદેશી ચલણનો પણ સમાવેશ થાય છે. મંદિર પ્રશાસન દ્વારા નિશ્ચિત સમયાંતરે દાનપેટી ખોલવામાં આવે છે અને ત્યારબાદ અનેક દિવસ સુધી ગણતરીની પ્રક્રિયા ચાલે છે. મોટા પ્રમાણમાં મળતા દાનને કારણે લગભગ ૨૦૦ જેટલા કર્મચારીઓ અને અધિકારીઓની હાજરીમાં સમગ્ર ગણતરી કરવામાં આવે છે.

દાનપેટી ખોલવાની પ્રક્રિયા કડક સુરક્ષા અને પારદર્શિતા વચ્ચે હાથ ધરવામાં આવે છે. મંદિર ટ્રસ્ટના અધિકારીઓ, વહીવટી અધિકારીઓ અને બેંક પ્રતિનિધિઓની હાજરીમાં રોકડની ગણતરી કરવામાં આવે છે. સમગ્ર પ્રક્રિયાનું CCTV દ્વારા રેકોર્ડિંગ કરવામાં આવે છે અને દરેક તબક્કાનો સત્તાવાર રેકોર્ડ તૈયાર કરવામાં આવે છે.

રોકડ સિવાય મળતા સોના-ચાંદીના દાગીના, સિક્કા અને વિદેશી ચલણને અલગથી નોંધવામાં આવે છે. ત્યારબાદ તેનું મૂલ્યાંકન કરીને મંદિરના હિસાબમાં દાખલ કરવામાં આવે છે. મંદિર પ્રશાસનનું કહેવું છે કે પારદર્શિતા જાળવવા માટે તમામ નાણાકીય પ્રક્રિયાઓ નિયમો મુજબ કરવામાં આવે છે. સાંવલિયા શેઠને ખાસ કરીને વેપારીઓ અને ઉદ્યોગકારો પોતાના "ભાગીદાર ભગવાન" તરીકે માને છે. અનેક વેપારીઓ વ્યવસાયમાં નફો મળ્યા બાદ તેનો એક હિસ્સો મંદિરને અર્પણ કરે છે. આ અનોખી પરંપરાને કારણે વર્ષોથી મંદિરના દાનમાં સતત વધારો જોવા મળી રહ્યો છે.

### 2460 દાતાઓએ દાન આપ્યું

## તિરૂપતિ મંદિરમાં એક દિવસમાં 97 કરોડનું દાન મળ્યું



- 2025માં 1738 કરોડ રૂપિયાથી વધુ રકમ જમા થઈ હતી
- મંદિરમાં દરરોજનું 4.75 કરોડનું દાન આવે છે

**સિટી ન્યૂઝ@નવી દિલ્હી**

તિરુમાલા તિરુપતિ દેવસ્થાનમની નવી દાતા નીતિ ૧૫ જુલાઈના રોજ મધ્યરાત્રિથી અમલમાં આવી, જેનાથી દાતાઓને મળતા ઘણા આજીવન લાભોમાં નોંધપાત્ર ફેરફાર થયા. આ જ કારણ છે કે નવી નીતિ અમલમાં આવે તે પહેલાં હજારો ભક્તોએ દાન આપ્યું, જૂના નિયમો હેઠળ આજીવન લાભ મેળવ્યા. અહેવાલ મુજબ, મંગળવારે કુલ ૨,૪૬૦ દાતાઓએ મંદિરમાં દાન આપ્યું હતું. આમાંથી ૧,૨૧૨ ભક્તોએ ૧ લાખથી ૧૦ લાખ રૂપિયા સુધીનું દાન આપ્યું હતું, જ્યારે ૧,૨૪૬ ભક્તોએ ૧૦ લાખથી ૨૫ લાખ રૂપિયા સુધીનું દાન આપ્યું હતું. વધુમાં, બે ભક્તોએ દરેકે ૧ કરોડ રૂપિયાથી વધુનું દાન આપ્યું હતું. એક જ દિવસમાં આટલી મોટી સંખ્યામાં દાતાઓએ મંદિર વહીવટ માટે રેકોર્ડ આવક મેળવી હતી.

તિરુપતિ બાલાજી મંદિરને વિશ્વની સૌથી ધનાઢ્ય ધાર્મિક સંસ્થાઓમાંની એક ગણવામાં આવે છે. તેની અંદાજિત કુલ સંપત્તિ આશરે ૩.૩૮ લાખ કરોડ રૂપિયા હોવાનો અંદાજ છે, જે ઘણા નાના દેશોના જીડીપી કરતાં પણ વધુ છે. નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬માં, મંદિરની હુંડી (દાન પેટી)માં ૧,૭૩૮ કરોડ રૂપિયાથી વધુ રકમ જમા કરવામાં આવી હતી. આનો અર્થ એ થયો કે મંદિરને સરેરાશ દૈનિક આશરે ૪.૭૫ કરોડ રૂપિયાનું દાન મળે છે. ટીટીડીના ડેટા અનુસાર, મંદિરમાં હાલમાં ૧૯૭,૮૮૮ નોંધાયેલા દાતાઓ છે. આમાંથી, આશરે ૧.૫ લાખ લોકોએ ૧ લાખ કે તેથી વધુનું દાન આપ્યું છે, જ્યારે આશરે ૨૨,૦૦૦ ભક્તોએ ૧૦ લાખ કે તેથી વધુનું દાન આપ્યું છે. છેલ્લા કેટલાક વર્ષોમાં મોટા દાતાઓની સંખ્યામાં સતત વધારો થયો છે. આ જ કારણ છે કે મંદિર વહીવટીતંત્રે દાતાઓને આપવામાં આવતી સુવિધાઓની સમીક્ષા કરવાનું નક્કી કર્યું છે.

ટીટીડી બોર્ડના અધ્યક્ષ બી.આર. નાયડુએ જણાવ્યું હતું કે છેલ્લા ચાર મહિનામાં જ, આશરે ૩,૦૦૦ નવા દાતાઓ ઉમેરાયા છે, જેમાંથી ૧૦ લાખ કે તેથી વધુનું દાન આપવામાં આવ્યું છે. આ ઝડપી વધારાને ધ્યાનમાં રાખીને, દાન પ્રણાલીમાં પારદર્શિતા અને એકરૂપતા લાવવા માટે નવી દાતા નીતિ લાગુ કરવી જરૂરી હતી. તેમનું કહેવું છે કે નવી સિસ્ટમનો હેતુ દાતાઓ અને સામાન્ય ભક્તોના હિત વચ્ચે સંતુલન જાળવવાનો છે, જેનાથી દર્શન પ્રણાલી વધુ વ્યવસ્થિત અને પારદર્શક બને છે.

### જૂની ફિલ્મનું સાદુ પુનઃ પ્રસારણ નથી પરંતુ તેને આધુનિક સિનેમેટિક ટેક્નોલોજી અને બહેતર પિક્ચર ક્વોલિટી સાથે નવા અંદાજમાં રજૂ કરવામાં આવી

# 21 વર્ષ બાદ 'પાલવડે બાંધી પ્રીત' ફરી રૂપેરી પડદે !




## નિર્દેશક જ્વલંત ગંગાણી, હિરો હિતેન કુમાર વિલન દિનેશ લાંબાની સુપરહિટ ફિલ્મે 21 વર્ષ પહેલા બોક્સ ઓફિસમાં છવાઈ હતી

## અત્યારે આ ફિલ્મની રિલ્સ બનતા ફિલ્મ ફરી રિ-રિલિઝ કરવાનો નિર્ણય કર્યો

## દાયકા પહેલા લોકોના દિલો પર રાજ કરનારી ફિલ્મની વાપસીએ જૂના દર્શકોની યાદો તાજા કરી દીધી

**સિટી ન્યૂઝ@રાજકોટ**

ગુજરાતી સિનેમાના ચાહકો માટે એક મોટા અને ખુશીના સમાચાર સામે આવ્યા છે, કારણ કે ૨૧ વર્ષના લાંબા અંતરાલ પછી એક ક્લાસિક ગુજરાતી ફિલ્મ ફરીથી રૂપેરી પડદે વાપસી કરી રહી છે. જશવંત ગંગાણી દ્વારા નિર્દેશિત અને નિર્મિત સુપરહિટ ફિલ્મ 'મેં તો પાલવડે બાંધી પ્રીત' ૧૭ જુલાઈથી ભવ્ય રીતે રજૂ થવા જઈ રહી છે. દાયકાઓ પહેલાં લોકોના દિલો પર રાજ કરનારી આ ફિલ્મની વાપસીએ જૂના દર્શકોની યાદો તાજી કરી દીધી છે.

આ માત્ર એક જૂની ફિલ્મનું સાદું પુનપ્રસારણ નથી, પરંતુ તેને આધુનિક સિનેમેટિક ટેકનોલોજી અને બહેતર પિક્ચર ક્વોલિટી સાથે નવા અંદાજમાં રજૂ કરવામાં આવી રહી છે. ખાસ વાત એ છે કે, આ નવી ટેકનિકલ સજાવટ છતાં ફિલ્મનો મૂળ આત્મા અને તેની વાર્તાની લાગણીઓ સંપૂર્ણપણે અકબંધ રાખવામાં આવી છે. પ્રેમ, સંબંધો અને પરંપરાની આ કાલાતીત વાર્તા હવે નવા યુગના દર્શકોને પણ મંત્રમુગ્ધ કરવા સજ્જ છે.

આ ઐતિહાસિક વાપસીની શાનદાર ઉજવણી કરવા માટે રાજકોટમાં એક એક્સક્લુઝિવ સ્ક્રીનિંગનું વિશેષ આયોજન કરવામાં આવ્યું છે. શુક્રવાર, ૧૭ જુલાઈ ૨૦૨૬ ના રોજ રાત્રે ૦૮:૦૦ કલાકે રાજકોટના સદર વિસ્તારમાં કસ્તુરબા રોડ પર આવેલા 'આર વર્લ્ડ આઈનોક્સ' (જૂના ધરમ સિનેમા બિલ્ડીંગ) ખાતે આ વિશેષ શો યોજાવા જઈ રહ્યો છે. આ ખાસ સ્ક્રીનિંગ દ્વારા મહેમાનોને સત્તાવાર રિલીઝ પહેલાં જ આ સદાબહાર ફિલ્મના નવા અવતારના સાક્ષી બનવાની સુવર્ણ તક મળશે.




ફિલ્મની ટીમ સિટી ન્યૂઝની મુલાકાતે

ડી. કે. ડાંગખરા, ગંગાણી મોશન પિક્ચર્સ અને ગંગાણી મ્યુઝિક દ્વારા પ્રસ્તુત આ ફિલ્મમાં ગૌરાંગ વ્યાસનું સદાબહાર સંગીત ફરી ગુંજી ઉઠશે. આ ઉપરાંત, જાણીતા ગાયકો અરવિંદ બારોટ અને સાધના સરગમના મધુર અવાજો આ ફિલ્મના ગીતોમાં ફરી પ્રાણ પૂરશે.

ગુજરાતી મનોરંજન જગતમાં આ ફિલ્મની વાપસી એક ઐતિહાસિક ક્ષણ બની રહેશે, જે સિનેમા પ્રેમીઓને એક અવિસ્મરણીય સાંજનો અનુભવ કરાવશે.

### 25 વર્ષ બાદ ઓસમાણ મીરની અમર રચના ફરી ધૂમ મચાવશે

# ‘કટારી કાળજે વાગી’નો નવો અવતાર શ્રેયા ઘોષાલની ગુજરાતી ગઝલમાં પ્રથમ ડેબ્યુ






## આમિર મીરના સ્વરમાં 25 વર્ષ જૂની ગઝલ હવે નવા રંગરૂપમાં



### શ્રેયા ઘોષાલની ગુજરાતી ગઝલમાં ડેબ્યૂ

અનેક ભાષાઓમાં હજારો ગીતો ગાનાર શ્રેયા ઘોષાલ માટે આ ગુજરાતી ગઝલ ક્ષેત્રે પહેલું પગલું છે. રાષ્ટ્રીય પુરસ્કાર વિજેતા આ કલાકારનો અવાજ જ્યારે ’કટારી કાળજે વાગી’ સાથે જોડાયો ત્યારે ગુજરાતી સંગીતપ્રેમીઓ માટે આ ગર્વની ક્ષણ બની ગઈ.

### નવી પેઢી, નવો સૂર, નવું સંગીત

આ ઐતિહાસિક ગઝલને શ્રેયા ઘોષાલ અને આમિર મીરના સંયુક્ત સ્વરે નવું પરિમાણ મળ્યું છે. આ નવા અવતારમાં સંગીતની જવાબદારી જાણીતા સંગીતકાર અતુલ રાણીંગાએ નિભાવી છે. અતુલ રાણીંગાએ ગઝલના મૂળ ભાવને અકબંધ રાખીને અત્યંત સૂરીલું અને હૃદયસ્પર્શી સંગીત આપ્યું છે. તેમના સંગીતમાં પરંપરા અને આધુનિકતાનો સુભગ સમન્વય જોવા મળે છે. ઓસમાણ મીરના દિગ્દર્શન હેઠળ તૈયાર થયેલી આ પ્રસ્તુતિ જૂની યાદોને તાજી કરવાની સાથે નવી પેઢીને પણ ગુજરાતી ગઝલની મીઠાશથી જોડશે.

**સિટી ન્યૂઝ@રાજકોટ**

ગુજરાતી ગઝલ જગતની અમર રચના ’કટારી કાળજે વાગી તમારી યાદ આવે છે’ હવે ઐતિહાસિક વળાંક પર છે. ઓસમાણ મીરના YouTube ચેનલ પર રિલીઝ થનારી આ નવી પ્રસ્તુતિમાં બોલીવૂડની સુપ્રસિદ્ધ ગાયિકા શ્રેયા ઘોષાલે પ્રથમ વખત ગુજરાતી ગઝલમાં પોતાનો સૂર રેલાવ્યો છે. તેમની સાથે ઓસમાણ મીરના પુત્ર, યુવા ગાયક આમિર મીરે પણ અવાજ આપ્યો છે.

સુપ્રસિદ્ધ લોકગાયક ઓસમાણ મીરના પુત્ર આમિર મીર હવે ગુજરાતી સંગીતમાં પોતાની આગવી ઓળખ બનાવી રહ્યા છે. બાળપણથી જ પિતા પાસેથી સંગીતના સંસ્કાર પામેલા આમિરે શાસ્ત્રીય સંગીતની તાલીમ લીધી છે. ’કટારી કાળજે વાગી’ જેવી ઐતિહાસિક રચનામાં શ્રેયા ઘોષાલ જેવા દિગ્ગજ કલાકાર સાથે આમિરનો અવાજ ગઝલને ચાર ચાંદ લગાવે છે. આમિરનો મીઠો અને સુરીલો અવાજ આ ગઝલને યુવા પેઢી સાથે જોડવામાં મહત્વનો ભાગ ભજવશે. આમિર તેમના પિતા ઓસમાન મીર સાથે ઘણા બધા આલ્બમો જેવા કે હૈ જિંદગી કિતની

### રિલીઝની તારીખ

આ ઐતિહાસિક પ્રસ્તુતિ ૧૯ જુલાઈ ૨૦૨૬ ના રોજ ઓસમાણ મીરની સત્તાવાર YouTube ચેનલ પર રિલીઝ થશે.




ખુબસુરત,તેરે જૈસા કોઈ મિલા નહીં,બે દર્દી તેરે પ્યાર મૈં જેવા અનેક આલ્બમોમાં પોતાના કંઠ આપ્યો છે. અને તે આલ્બમો ખૂબ જ પ્રચલિત છે. બોલીવુડ મ્યુઝિક ઇન્ડસ્ટ્રીઝ ના અનેક નામી મ્યુઝિક ડાયરેક્ટર જેવા કે અમિત ત્રિવેદી જોડે મારી માવડી અને ઢોલ તેમજ સચિન જીગર સાથે ખૂણે થી ખૂણેથી જે ખૂબ જ લોકપ્રિય થયેલું, અને તાજેતરમાં રાહુલ મુંજારીયા સાથે કાળી કાળી આંખો વાડી જે અત્યારે ખૂબ જ વાઈરલ ગીત છે, તેમજ સોની મ્યુઝિક કંપની સાથે ઘણા બધા કવર ગીતો કરેલા છે, જેમાંથી "તું હે તો દિલ ધડકતા હૈ" જે ખૂબ જ વાયરલ ગીત છે. એ જ રીતે વારસોમાં તેણે પ્રિય સરૈયા સાથે કચ્છી ગીત "માની" કર્યું હતું તે પણ ખૂબ પ્રચલિત છે. તેમજ ૧૫ થી વધુ ગુજરાતી પિક્ચરો માં આમિર એ પ્લેબેક કરેલું છે. આમિર ઘણા બધા ગીત કમ્પોઝ પણ કરેલા છે જેમાં પોતે જ કંઠ આપેલો છે જેવા કે લોટા દો મેરે યાર, મુજે કુછ કહેના હૈ, ખુદ હે ફના, યે જો રાત હૈ,જીયારા જેવા ઘણા ગીતો છે.

આ ગઝલનો ઇતિહાસ ૨૫ વર્ષ જૂનો છે. અંજારના કવિ વિનોદ માણેક ’ચાતક’ દ્વારા લખાયેલી આ રચનાને ઓસમાણ મીરે રાગ ચારુકેશીમાં કંપોઝ કરીને સ્વરબદ્ધ કરી હતી. આ ગઝલ એટલી બધી લોકપ્રિય થઈ કે ખાલી ગુજરાત જ નહીં પણ ભારતભરના ગાયક કલાકારો તેને પોતાના કંઠે ગાઈ ચૂક્યા છે. ઘણા શ્રોતાઓ આ ગઝલને એટલી વખત સાંભળી ચૂક્યા છે કે તેઓ તેને કોઈ જૂની પરંપરાગત કે ’ટ્રેડિશનલ’ રચના સમજી બેસે છે. જ્યારે હકીકતમાં તેને ઓસમાણ મીરે ૨૫ વર્ષ પહેલાં જ સર્જી હતી.

## સૌરાષ્ટ્રમાં NEETનો જલવો

# જામનગરનો મિહિર પટેલ 690 માર્ક, મિશ્રા રામાણી 681 માર્કસ સાથે બાજી મારી

સિટી ન્યૂઝ@રાજકોટ



ધોરણ ૧૨ સાયન્સ બાદ મેડિકલમાં પ્રવેશ માટેની UG NEETની પરીક્ષા ૨૧ જૂનના લેવામાં આવી હતી જેનું આજ રોજ પરિણામ જાહેર કરવામાં આવ્યું છે. આ પરિણામમાં સૌરાષ્ટ્રની અંદર જામનગરના વિદ્યાર્થી અને વિદ્યાર્થિનીએ બાજી મારી છે. જામનગરના મિહિર પટેલએ ૭૨૦માંથી ૬૯૦ માર્ક્સ મેળવી પ્રથમ ક્રમ મેળવ્યો છે જ્યારે બીજા નંબરે જામનગરની જ વિદ્યાર્થીની મિશ્વા રામાણીએ ૬૮૧ માર્ક્સ પ્રાપ્ત કર્યા છે. જ્યારે રાજકોટમાં પ્રથમ ક્રમે ૬૭૫ માર્ક્સ સાથે પ્રશિલ મકવાણા અને બીજા ક્રમે કેવલ ટાંકએ ૬૭૩ માર્ક્સ પ્રાપ્ત કર્યા છે. ઉલ્લેખનીય છે કે જામનગરના મિહિર પટેલ ઓલ ઈન્ડિયામાં ૧૧૪માં ક્રમે ઉતીર્ણ થયા છે જ્યારે મિશ્વા રામાણી ઓલ ઈન્ડિયામાં ૨૪૭માં ક્રમે ઉતીર્ણ થયા છે. સૌરાષ્ટ્રમાં પ્રથમ નંબર અને ઓલ ઈન્ડિયામાં ૧૧૪મોં રેન્ક હાસિલ કરનાર જામનગરના મિહિર પટેલએ જણાવ્યું હતું કે, આજે NEET UGનું પરિણામ આવ્યું છે જેમાં મેં ૭૨૦માંથી ૬૯૦ માર્ક્સ મેળવ્યા છે સૌરાષ્ટ્રમાં પ્રથમ ક્રમ એ મારા માટે આનંદ અને ગૌરવની ક્ષણ છે. મારા માતાપિતા અને મારી મોટી બહેન પણ ડોક્ટર છે માટે નાનપણથી જ મને પરિવારમાંથી ડોક્ટર બનવાની પ્રેરણા મળી છે. મેં કોઈ કોચિંગ ક્લાસ નથી કર્યા પરંતુ નિયમિત મોદી સ્કૂલમાં અભ્યાસ અર્થે જતો હતો અને સતત મહેનત કરતો હતો જેના કારણે આ પરિણામ પ્રાપ્ત થયું છે. દરેક વિદ્યાર્થીને એ જ કહેવા માંગુ છું કે, મોટું સપનું જોવું જોઈએ અને તેના માટે મહેનત પણ કરવી જોઈએ ક્યારે હિંમત ન હારવી જોઈએ મેહનત કરવાથી સફળતા જરૂર મળે જ છે. જ્યારે રાજકોટના પ્રશિલ મકવાણાએ જણાવ્યું હતું કે, ૭૨૦માંથી ૬૭૫ માર્ક્સ સાથે હું રાજકોટમાં ફર્સ્ટ આવ્યો છું. શાળામાં સતત અભ્યાસ અને ડેટુડે અભ્યાસનું રીવીઝન, અલગ અલગ સમયે ટેસ્ટ આપી છે અને સતત એક જ ફોક્સ સાથે અભ્યાસ કરતો રહ્યો હતો. હું ધોરણ ૬માં આવ્યો ત્યારથી જ ડોક્ટર બનાવ માટે નક્કી કર્યું હતું અને આજે મેં આટલા સારા માર્ક્સ સાથે NEET UG પાસ કરી છે માટે આગળ ડોક્ટર બની લોકોની સેવા કરી મારુ સપનું સાકાર કરીશ. NEET UGનું પરિણામ આજે જાહેર થયું છે જેમાં ૭૨૦ માંથી અનરિઝર્વડ અને EWS કેટેગરીનું ૨૧૩, OBC,SC અને ST કેટેગરીનું ૨૧૨-૧૭૭ કટઓફ રહ્યું છે. એટલે કે ૫૫૫થી વધુ માર્કસ મેળવનારા વિદ્યાર્થીઓ સરકારી મેડિકલ કોલેજમાં એડમિશન મેળવી શકશે જ્યારે ૫૧૫થી ૫૨૦ માર્કસથી વધુ મેળવનારા વિદ્યાર્થીઓને GMERSમાં એડમિશન મેળવી શકે તેવી ધારણા છે. આ ઉપરાંત ૫૧૫થી ઓછા માર્કસ મેળવનારા વિદ્યાર્થીઓને ખાનગી કોલેજમાં એડમિશન મેળવવું પડશે.

**પ્રશિલ મકવાણા 675 માર્ક્સ સાથે રાજકોટ ફર્સ્ટ**



# નારાયણા સ્કૂલમાં જગન્નાથ રથયાત્રાની ભવ્ય ઉજવણી

સિટી ન્યૂઝ@રાજકોટ



નારાયણા સ્કૂલ, રાજકોટ ખાતે ભગવાન જગન્નાથજીની રથયાત્રા નિમિત્તે ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ, શિક્ષકો અને શાળાના સ્ટાફે ઉત્સાહભેર ભાગ લઈ ભક્તિમય વાતાવરણ સર્જ્યું હતું. શાળા પરિસરમાં ભગવાન જગન્નાથજીની પ્રતિકાત્મક રથ શોભાયાત્રા કાઢવામાં આવી હતી, જેથી વિદ્યાર્થીઓને પરંપરાગત રથયાત્રાનો જીવંત અનુભવ મળી રહે. આ ઉપરાંત પ્રસાદનું વિતરણ કરવામાં આવ્યું હતુ અને વિદ્યાર્થીઓને ભગવાન જગન્નાથજીની રથયાત્રાની કથા, તેનું ધાર્મિક મહત્વ તેમજ ભારતીય સંસ્કૃતિમાં તેના સ્થાન વિશે માહિતગાર કરવામાં આવ્યા હતા. શાળા સંચાલકોએ જણાવ્યું હતું કે વિદ્યાર્થીઓમાં ભારતીય સંસ્કૃતિ, પરંપરા અને મૂલ્યો પ્રત્યે જાગૃતિ વધે તે હેતુથી દર વર્ષે આવા ધાર્મિક અને સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે.

# એડવોકેટ ઈન્દ્રસિંહ એચ. ઝાલાના જન્મદિવસે શુભેચ્છાઓ વરસી

સિટી ન્યૂઝ@રાજકોટ



એડવોકેટ ઈન્દ્રસિંહ એચ. ઝાલાનો આજે જન્મદિવસ છે. વર્ષ ૨૦૦૦થી વકીલાત ક્ષેત્રે કાર્યરત ઈન્દ્રસિંહ ઝાલા રેવન્યુ કાયદાની પ્રેક્ટિસ માટે જાણીતા છે. તેઓ રાજકોટ બાર એસોસિએશનમાં વર્ષ ૨૦૧૯-૨૦ દરમિયાન વાઈસ પ્રેસિડેન્ટ તરીકે સેવા આપી ચૂક્યા છે. છેલ્લા ૧૮ વર્ષથી તેઓ લોયર્સ સ્પોર્ટ્સ ફાઉન્ડેશનના પ્રેસિડેન્ટ તરીકે સેવા આપી રહ્યા છે તેમજ ઓપન સૌરાષ્ટ્ર-કચ્છ સીઝન ક્રિકેટ ટુર્નામેન્ટનું સતત આયોજન કરી રહ્યા છે. ઉપરાંત તેઓ "વોઈસ ઓફ લોયર્સ" સંસ્થાના પણ પ્રેસિડેન્ટ છે. રાજકોટ બારમાં જુનિયર અને સિનિયર વકીલોમાં લોકપ્રિયતા ધરાવતા એડવોકેટ ઈન્દ્રસિંહ એચ. ઝાલાને તેમના જન્મદિવસ નિમિત્તે મિત્રો, સહકર્મીઓ અને શુભેચ્છકો તરફથી શુભકામનાઓ પાઠવવામાં આવી રહી છે.

# ગોપાલે મૌન તોડતા કહ્યું વેદાંત હું નીશીને ખુબ જ પ્રેમ કરૂ છું તે ક્યારેય દુઃખી થાય નહીં તેનું ધ્યાન રાખજે

સાંજના છ વાગ્યા. ગોપાલ બાઇક લઈને પરિમલ ગાર્ડન પહોંચ્યો. ગેટમાંથી અંદર જઈ રહ્યો હતો ત્યારે એને લાગ્યું કે, તે પહેલી વખત આહીંયા એકલો આવ્યો છે. હમણાં સુધી તો એ જ્યારે પણ આવ્યો, ત્યારે નિશી તેની સાથે હતી. એક તબ્બકે તો એને લાગ્યું કે, અહીંયાથી પાછો ફરી જાય. તેને વિચારોએ ઘેરી લીધો. તેને સમજાતું નહોતું કે, હું શું કામ અહીંયા આવ્યો છું? શું કામ મારે વેદાંતને મળવું છે? નિશી સાથે શું વાત કરવી છે? કારણ કે હવે વાત કરવાનો કોઈ અવકાશ જ નહોતો.

ગોપાલ એક ક્ષણ અટક્યો અને બગીચામાં દાખલ થયો. તેને આજે એવું લાગી રહ્યું હતું કે, બગીચાનાં વૃક્ષ, ફૂલ, છોડ અને બાંકડા તેની સામે ધારી ધારીને જોઈ રહ્યાં છે. બગીચામાં રહેલાં અનેક કપલ અને ત્યાં બેઠેલા લોકો પોતાની મસ્તીમાં હતા. તેમાંથી કોઈ જ્યારે તેની સામે જોતું, ત્યારે તેને લાગતું કે, આ લોકો મારી સામે શું કામ જુએ છે? ગોપાલ અને નિશી કાયમ જ્યાં બેસતાં હતાં એ બાંકડા તરફ ગયો. ત્યાં કોઈ બેઠું નહોતું. ગોપાલ બાકડાં પાસે પહોંચ્યો. જાણે બાંકડો તેની સામે હસી રહ્યો છે અને એની ઠેકડી ઉડાવી રહ્યો છે એવું તેને લાગ્યું. ગોપાલ હિંમત કરીને બાંકડા પર બેઠો. આજે તે પહેલી વખત ત્યાં એકલો બેઠો હતો.

તેણે આસપાસ નજર ફેરવી. તેને થયું, ક્યાંક નિશી આવીને બીજી કોઈ જગ્યાએ તો નથી બેઠીને? પણ નિશી ક્યાંય નજરે પડી નહીં. તેણે કાંડા ઘડિયાળ સામે જોયું. છ વાગીને પાંચ મિનિટ થઈ હતી. હજી તો પાંચ જ મિનિટ થઈ હતી; પણ ગોપાલને લાગી રહ્યું હતું કે, તે કલાકોથી અહીંયા બેઠો છે. તેનું ધ્યાન થોડે દૂર બેઠેલાં એક કપલ તરફ ગયું. કપલ ખૂબ ખુશ હતું. જે કપલ બેઠું હતું તેમાં છોકરીનાં માથામાં ફૂલ હતું. તે જોઈને ગોપાલના ચહેરા પર સ્મિત આવ્યું.ગોપાલને યાદ આવ્યું કે, ઑફિસમાંથી રજા લઈને તે નિશી સાથે અહીંયા આવતો. તેણે પણ એક વખત બાજુમાં છોડ પર ઉગેલું ફૂલ તોડીને નિશીના વાળમાં નાખ્યું હતું. ફૂલ જોઈને નિશી ખડખડાટ હસી પડી હતી. ગોપાલને સમજાયું નહોતું કે, નિશી કેમ હસે છે? ગોપાલે જ્યારે તેને હસવાનું





કારણ પૂછ્યું, ત્યારે નિશીએ કહ્યું હતું કે, તું સાવ નાદાન છે. કયું ફૂલ છોકરીના માથામાં નખાય, એની પણ તને ખબર નથી પડતી. ગોપાલ ભોઠની જેમ જોતો રહ્યો હતો. નિશીએ તેનો હાથ પકડીને કહ્યું હતું કે, જે ફૂલ તે મારા માથામાં નાખ્યું એ જંગલી ફૂલ છે. પણ કંઈ વાંધો નહીં મારો નાદાન મને આવી રીતે જ પ્રેમ કરતો રહે તે જરૂરી છે.

ગોપાલે ફરી કાંડા ઘડિયાળ સામે જોયું. સવા છ વાગી રહ્યા હતા. હજી નિશી આવી નહોતી. તેનું ધ્યાન વારંવાર બગીચાના દરવાજા તરફ જઈ રહ્યું હતું. ગોપાલને અકળામણ થઈ રહી હતી અને ગુસ્સો પણ આવી રહ્યો હતો. તેને થયું નિશી હજી કેમ આવી નથી? તેને એવુ પણ લાગ્યું કે, કદાચ નિશી આવે જ નહીં. તો? એકએક મિનિટે તે ઘડિયાળ જોઈ રહ્યો હતો. સાડા છ થયા એટલે ગોપાલે જોયું કે, નિશી ગેટમાં દાખલ થઈ. તેની સાથે કોઈ છોકરો હતો. ગોપાલે વિચાર કર્યો. કોણ હશે? વેદાંત જ હશે. નિશી અને વેદાંત સાથે ચાલતાં હતાં પણ તેમની વચ્ચે એક અંતર હતું. નિશીને જોતાં જ ગોપાલના ધબકારા વધી ગયા.

તેને થયું કે, હવે તે શું વાત કરશે? નિશીને તેમની જૂની જગ્યા ખબર હતી. તેણે દૂરથી જ ગોપાલને બેઠેલો જોયો હતો. તેની ચાલ ધીમી હતી. તેનું મન પણ કહી રહ્યું હતું કે, પાછી ફરી જાય; પણ તે એવું કરી શકી નહીં. નિશી અને વેદાંત ગોપાલ પાસે પહોંચી ગયાં. ગોપાલ ઊભો થઈ ગયો. નિશીની નજર નીચી હતી. વેદાંતે ગોપાલ તરફ હાથ લાંબો કરીને કહ્યું, “હું વેદાંત.”ગોપાલે પણ હાથ લાંબો કર્યો અને વેદાંત સાથે હાથ મીલાવ્યો. એક મિનિટ તો બધાં ઊભાં રહ્યાં. વેદાંતે પૂછ્યું, “આપણે બેસીએ?”નિશીને બહુ સંકોચ થઈ રહ્યો હતો. ગોપાલે કહ્યું, “ચોક્કસ.”ત્રણેય બાંકડા પર બેઠાં. અનાયસે એવું થયું કે, બાંકડા પર નિશી ગોપાલ અને વેદાંતની વચ્ચે બેઠી હતી. ગોપાલને જરા અજુગતું લાગ્યું. તે એકદમ ઊભો થયો. તેણે નિશીને કહ્યું, “આમ ખસ જરા.”

વેદાંતને કંઈ સમજાયું નહીં. તેણે વેદાંતને પણ કહ્યું, “તું પણ જરા પેલી તરફ જા.”હવે એક છેડે નિશી, વચ્ચે



પ્રશાંત દયાળ

વેદાંત અને બીજા છેડે ગોપાલ હતો. તેઓ બેઠાં તો ખરા, પણ કોણ વાત શરૂ કરશે? એ પ્રશ્ન હતો. ગોપાલે જ નિશીને ફોન કર્યો હતો અને તે વેદાંતને મળવા માગતો હતો. પણ હવે ગોપાલને લાગ્યું કે, તેની પાસે જ વાત કરવા જેવું કંઈ નથી. તેણે શું કામ બોલાવ્યાં છે આ બંનેને?ત્રણે ચુપચાપ બેઠાં હતાં. એટલામાં પેલો ચણાજોરગરમ વાળો ત્યાં આવી પહોંચ્યો. તે ગોપાલ અને નિશીને ઓળખી ગયો. તેના ચહેરા પર એક સ્મિત હતું. તેણે ગોપાલને પૂછ્યું, “સાબ, કીતને કા બનાઉં?”

ગોપાલે નિશી સામે જોયું. એ જ વખતે નિશીની નજર ગોપાલ તરફ ફરી હતી. ગોપાલે જોતાં નિશીએ માથું હલાવીને ના પાડી. ગોપાલે ચણાજોરગરમ વાળાને કહ્યું, “આજ નહીં ચાહીયે. ફિર કભી.”આ વાક્ય બોલ્યા પછી ગોપાલને વિચાર આવ્યો કે, હવે ફિર કભી તો અહીંયા આવવાનું જ થશે નહીં. ફરી શાંતિ છવાઈ ગઈ. ચણાજોરગરમ વાળો જતો રહ્યો. ગોપાલે તેનામાં હતી એટલી હિંમત એકઠી કરી અને વાતની શરૂઆત કરતાં વેદાંતને કહ્યું, “બસ, તને મળવાની ઈચ્છા હતી. નિશીએ તને પસંદ કર્યો તો નિશીની પસંદ કેવી છે, તે એક વખત જોવી હતી.”

વેદાંતે નિશી સામે જોયું. તેની નજર નીચી જ હતી. નિશીના ચહેરા પર દોષીત હોવાનો ભાવ હતો. એક સંવાદ પછી ફરી સંવાદવિહીન સ્થિતિ નિર્માણ થઈ. થોડીવાર પછી ગોપાલે કહ્યું, “વેદાંત, હું ગઈકાલે પણ નિશીને પ્રેમ કરતો હતો, આજે પણ કરું છું અને આવતીકાલે પણ કરીશ. હું એને ભૂલી શકું એ શક્ય જ નથી. પણ કદાચ કુદરતે જ અમારો રસ્તો બદલવાનો નિર્ણય કર્યો હશે. હવે નિશી ભલે તારી થઈ, પણ તને એક જ વિનંતી છે. દોસ્ત, નિશી ક્યારેય દુખી ન થાય એનું ધ્યાન રાખજે.”

આટલું બોલીને ગોપાલે વેદાંતનો હાથ પકડ્યો. ગોપાલના પંજા પર વેદાંતે પોતાનો પંજો મૂક્યો. વેદાંતને લાગ્યું કે, કોઈ માણસ આટલો સારો કેવી રીતે હોઈ શકે! વેદાંત માની રહ્યો હતો કે, જ્યારે તે ગોપાલને મળશે ત્યારે ગોપાલ તેની પર ગુસ્સો કરશે. કદાચ ઝઘડો પણ કરશે. પણ એવું કંઈ જ થયું નહીં. નિશીની આંખમાંથી દડદડ આંસુ વહી રહ્યા હતા. ગોપાલને એક તબ્બકે લાગ્યું કે, ઊભો થઈને એના આંસુ લૂંછે; પણ તેને તરત યાદ આવ્યું કે, હવે એ મારો અધિકાર નથી!ગોપાલ ઊભો થયો. તે નિશી અને વેદાંતની સામે ઊભો હતો. બંનેની તરફ એક વખત જોઈ લીધું અને કહ્યું, “તમારી નવી સફર માટે ઓલ ધી બેસ્ટ. મારી તમને જરૂર પડે ત્યારે હું તમારી સાથે જ છું.”આટલું બોલીને તે બંનેના પ્રતિભાવ જોવા પણ ન ઊભો રહ્યો. તે ફટાફટ ઊંધો ફરીને ભીની આંખો લઈને ગેટ તરફ ચાલવા લાગ્યો. (ક્રમશ)

# શાપર હાઈ-વે પરથી 34 લાખનો દારૂ-બિયર ભરેલા ટ્રક સાથે જામજોધપુરના શખ્સની ધરપકડ

**» દમણથી દોરાના બોક્સની આડમાં સંતાડી લવાતો દારૂ પોરબંદર પહોંચાડવાનો હતો**

**» ઉપલેટાના રીસીવર સહીત ત્રણની શોધખોળ : 64.62 લાખનો મુદામાલ કબ્જે કરતી એલસીબી**

સિટી ન્યૂઝ@રાજકોટ



રાજકોટ ગ્રામ્યમાં દારૂની પ્રવૃત્તિઓ નાબૂદ કરવા માટે ચલાવવામાં આવી રહેલી ઝુંબેશ અંતર્ગત લોકલ ક્રાઈમ બ્રાન્ચ રાજકોટ ગ્રામ્યને મોટી સફળતા મળી છે. એસપી વિજયસિંહ ગુર્જર દ્વારા દારૂ-જુગારની ગેરકાયદેસર પ્રવૃત્તિઓ સંપૂર્ણપણે ડામી દેવા ખાસ સૂચનાથી રૂરલ એલસીબીની ટીમે શાપર પોલીસ સ્ટેશન વિસ્તારમાં રાજકોટ-ગોંડલ નેશનલ હાઈવે પર પિતૃકૃપા હોટલ પાસેથી રૂ.૩૪ લાખના વિદેશી દારૂના મોટા જથ્થા સાથે એક ટ્રક ઝડપી પાડી મોટી કાર્યવાહી કરી હતી.

રૂરલ એલ.સી.બી.ની ટીમ પેટ્રોલિંગમાં હતી તે દરમિયાન તેમને એક ચોક્કસ ખાનગી રાહે બાતમી મળી હતી. બાતમી મુજબ, એક ટ્રક નં. GJ-૨૫-U ૯૯૩૪ છે, તેમાં ગેરકાયદેસર રીતે વિદેશી દારૂનો જથ્થો ભરીને પસાર થવાનો હતો. આ બાતમીના આધારે પોલીસે શાપર વેરાવળ પોલીસ સ્ટેશન વિસ્તારમાં હાઈવે પર પિતૃકૃપા હોટલ પાસે વોચ ગોઠવી હતી. બાતમીવાળી ટ્રક ત્યાંથી પસાર થતાં જ તેને રોકીને તલાશી લેવામાં આવી હતી.તપાસ દરમિયાન ટ્રકમાંથી દોરાના બોક્સની આડમાંથી વિદેશી દારૂની અલગ-અલગ બ્રાન્ડની બોટલો નંગ-૬૪૯૧ તથા બિયર ટીન નંગ-૯૮૪ મળી આવ્યો હતો. તેમજ દારૂ છુપાવવા માટે ઉપયોગમાં લેવાયેલા દોરાના ખાલી બોક્સ નંગ-૨૫૯ પણ મળી આવ્યા હતા. પોલીસે ઘટનાસ્થળેથી ટ્રકના ચાલક ભરત હમીર મોરી (ઉ.વ. ૨૨, ધંધોઃ ડ્રાઈવિંગ, રહે. વાંસજાળીયા ગામ, જામજોધપુર, ધરપકડ કરી દારૂ-બિયર રૂ.૩૪.૦૫ લાખ, ટ્રક અને દારૂ છુપાવવા માટે વપરાયેલા દોરાના ખાલી બોક્સ, મળી કુલ રૂ.૬૪.૬૨ લાખનો મુદામાલ કબ્જે કરી આરોપીની પુછતાછ આદરી હતી. જ્યારે પુછતાછમાં વિદેશી દારૂ-બિયરનો જથ્થો ઉપલેટાના કરણ રબારીને કહેવાથી તેને દમણથી અજાણ્યા શખ્સોએ ભરી આપ્યો હતો અને કરણ રબારીએ તે દારૂ ભરેલ ટ્રક લઈ પોરબંદર પહોંચવા માટેનું કહ્યું હતું. હાલ પોલીસે દારૂ મંગાવનાર કરણ રબારી, સપ્લાયર અને ટ્રકના માલિકની શોધખોળ આદરી છે.

# વેપન કાર્ટેલ ગેંગના વધુ 2 સાગરીત 4 પિસ્ટલ-તમંચા સાથે ઝડપાયા લીધા

**પીસીબી ૧૩ શખ્સો પાસેથી કુલ ૨૮ હથિયાર અને ૩૨ કાર્ટીસ કબ્જે કર્યા**

સિટી ન્યૂઝ@રાજકોટ



રાજકોટ પીસીબી દ્વારા વેપન કાર્ટેલ ગેંગનો પર્દાફાશ કરવામાં આવ્યો છે આ ગેંગ દ્વારા વેપન કાર્ટેલ ગેંગના ૫ શખ્સોને ૧૬ હથિયાર સાથે પકડ્યા બાદ આજે વધુ ૨ શખ્સોને બે દેશી પિસ્ટલ અને બે દેશી કટ્ટા સાથે ઝડપી લીધા છે અત્યાર સુધીમાં પકડાયેલ આરોપીઓની સંખ્યા ૧૩ સુધી પહોંચી ગઈ છે તેમજ પોલીસે કબ્જે કરેલા હથિયારોમાં ૨૮ હથિયાર અને ૩૨ જીવતા કાર્ટીસનો સમાવેશ થાય છે. રાજકોટ પીસીબી પીઆઇ એમ આર ગોંડલીયાની રાહબરીમાં પીએસઆઈ આર કે જાડેજા અને ટીમે એમપીના મિર્ઝાપુરના મુખ્ય સપ્લાયર શકીલ સાદિક મન્સૂરી, જસદણના જયસુખ ઉર્ફે જેસો વલ્લભભાઈ વાઘેલા, ચોટીલાના ગાવસ્કર ઉર્ફે દર્શન ચંદ્રમૌલિક ઉર્ફે અનિલભાઈ રોજાસરા, અનિલ વીરાભાઈ ખેતરીયા અને પ્રદીપ અનકભાઈ કરપડાની ધરપકડ કરી ૧૦ દેશી પિસ્તોલ, ૫ દેશી કટ્ટા, ૧ દેશી રિવોલ્વર, ૩૦ જીવતા કાર્ટીસ, ૪ મોબાઈલ સહીત ૨ લાખ ૩ હજારનો મુદ્દામાલ કબ્જે કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી આ પછી પીસીબીની ટીમે સંદીપસિંહ પરમારને બે દેશી બનાવટની પિસ્ટલ, કાર અને મોબાઈલ સાથે ઝડપી લીધો હતો આ પછી ગંજીવાડામાં રહેતા આરીફ ગફારભાઈ પઠાણને એક દેશી પિસ્ટલ સાથે અને રણુજા મંદિર પાસે વેલનાથપરામાં રહેતા જયપાલ રાજેશભાઈ ડેડાણિયાને ૨ પિસ્ટલ તથા બે જીવતા કાર્ટીસ સાથે ઝડપી લીધા હતા બાદમાં આજે ધ્રુવ ઉર્ફે કનૈયો સુનિલગિરી ગોસ્વામી, ચોટીલાના જયરાજ ઉર્ફે લાલો પીઠુભાઈ ખાચર અને શ્યામ રાજુભાઈ પરમારની ધરપકડ કરી વધુ ૩ હથિયાર કબ્જે કર્યા છે તે પછી અમરેલીના જીલુ ભુપતભાઈ બારૈયા અને ચોટીલાના ઋતુરાજ અનકભાઈ ખાચરને ઝડપી લઈ વધુ બે દેશી પિસ્ટલ અને બે દેશી કટ્ટા કબ્જે કર્યા છે.

**તાત્કાલિક અમલ કરવા એસપીએ આપ્યા આદેશ**

# રાજકોટ ગ્રામ્ય પોલીસના 216 જવાનોની બદલી

**3 વર્ષથી વધુ સમયથી એક જ સ્થળે ફરજ બજાવતા કર્મચારીઓની આંતરિક બદલી**

સિટી ન્યૂઝ@રાજકોટ

રાજકોટ જિલ્લા પોલીસ વડા વિજયસિંહ ગુર્જરે જિલ્લાના પોલીસ તંત્રમાં વહીવટી ફેરબદલ કરતાં એક સાથે ૨૧૬ પોલીસ કર્મચારીઓની આંતરિક બદલીના આદેશ કર્યા છે. જિલ્લાના વિવિધ પોલીસ સ્ટેશનોમાં ૩ વર્ષ કે તેથી વધુ સમયથી ફરજ બજાવતા કર્મચારીઓને અન્ય પોલીસ સ્ટેશનોમાં બદલી કરવામાં આવી છે.જિલ્લા પોલીસ વડા દ્વારા અગાઉ લાંબા સમયથી એક જ સ્થળે ફરજ બજાવતા પોલીસ કર્મચારીઓની યાદી તૈયાર કરાવવામાં આવી હતી. તે યાદીના આધારે ૧૭ જુલાઈના રોજ બદલીના આદેશો જાહેર કરવામાં આવ્યા છે. બદલીમાં જિલ્લાના મોટાભાગના પોલીસ સ્ટેશનોના કર્મચારીઓનો સમાવેશ કરવામાં આવ્યો છે.

બદલી પામેલા તમામ કર્મચારીઓને કોઈપણ પ્રકારના બેક રેફરન્સ વિના તાત્કાલિક અસરથી છૂટા કરીને નવા ફરજ સ્થળે હાજર થવા આદેશ આપવામાં આવ્યો છે. ઉપરાંત, રજા પર અથવા ગેરહાજર રહેલા કર્મચારીઓને પણ નિયમ મુજબ બદલી પર છૂટા કરવાની સૂચના આપવામાં આવી છે.જિલ્લા પોલીસ વડાએ તમામ સંબંધિત અધિકારીઓને બદલી પામેલા કર્મચારીઓની રિલીવિંગ અને નવા સ્થળે હાજરી અંગેનો અહેવાલ ઈ-મેઈલ મારફતે મોકલવા સૂચના આપી છે. જો કોઈ કર્મચારીને સમયસર બદલી પર છૂટા કરવામાં બેદરકારી દાખવવામાં આવશે તો તેની જવાબદારી સંબંધિત અધિકારીની રહેશે તેવી પણ સ્પષ્ટ નોંધ આદેશમાં કરવામાં આવી છે.

# GPID કેસમાં મહિલા આરોપીની ધરપકડ પર હાઈકોર્ટની રોક

## દુબઈની રોકાણ કંપનીમાં રૂપિયા 1.74 કરોડના રોકાણ મામલે ગુજરાત હાઈકોર્ટનો વચગાળાનો આદેશ, 1 સપ્ટેમ્બરે સુનાવણી

**સિટી ન્યૂઝ@રાજકોટ**

દુબઈ સ્થિત મીશા ઈન્વેસ્ટમેન્ટ કન્સલ્ટન્ટ કંપનીમાં ઊંચા વળતરની લાલચ આપી આશરે રૂ. ૧,૭૪,૯૩,૫૦૦નું રોકાણ કરાવવાના GPID કેસમાં મહિલા આરોપી જ્યોત્સના અરવિંદ ખુંટને ગુજરાત હાઈકોર્ટમાંથી વચગાળાની રાહત મળી છે. હાઈકોર્ટે તેમની ધરપકડ પર હાલ પૂરતી રોક લગાવી છે અને કેસની આગામી સુનાવણી ૧ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ નક્કી કરી છે.

ફરિયાદ મુજબ, દુબઈ સ્થિત કંપનીમાં ૫થી ૭ ટકા વળતર આપવાનું આશ્વાસન આપી અનેક રોકાણકારો પાસેથી કુલ રૂ. ૧,૭૪,૯૩,૫૦૦ એકત્ર કરવામાં આવ્યા હતા. પ્રારંભિક તબક્કે રોકાણકારોને રૂ. ૨૬,૭૭,૪૦૦ વળતર ચૂકવ્યા બાદ મૂળ રકમ અને બાકીનું વળતર પરત આપવામાં આવ્યું ન હોવાનું ફરિયાદમાં જણાવાયું છે. આ અંગે રાજકોટ શહેર ડી.સી.બી. પોલીસ સ્ટેશનમાં ૨૯ માર્ચ, ૨૦૨૬ના રોજ સાગર ખુંટ, અરવિંદ ખુંટ, જ્યોત્સના ખુંટ, ગૌરાંગ ખુંટ સહિત અન્ય સામે ગુનો નોંધાયો હતો.

જ્યોત્સના ખુંટે પોતાની સામે નોંધાયેલી એફઆઈઆર રદ કરવા ગુજરાત હાઈકોર્ટમાં અરજી કરી હતી. અરજીમાં રજૂઆત કરવામાં આવી હતી કે તેમણે કોઈ નાણાકીય લાભ મેળવ્યો નથી, રોકાણકારો સાથે સીધી વાતચીત કરી નથી અને કંપનીની કામગીરીમાં તેમની કોઈ સક્રિય ભૂમિકા નથી. સાથે જ અન્ય સહઆરોપીઓ સામે તપાસ પૂર્ણ થઈ ચાર્જશીટ દાખલ થઈ ગઈ હોવાથી પોતાની કસ્ટોડિયલ પૂછપરછની જરૂરિયાત નથી અને તપાસમાં સંપૂર્ણ સહકાર આપવા તૈયાર હોવાનું પણ જણાવાયું હતું.

બંને પક્ષોની દલીલો સાંભળ્યા બાદ ગુજરાત હાઈકોર્ટે જ્યોત્સના ખુંટની ધરપકડ સામે વચગાળાની મનાઈ ફરમાવી છે તેમજ ફરિયાદી પક્ષને ૧ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ કોર્ટ સમક્ષ હાજર રહેવા નોટિસ ફટકારી છે.

ઉપરોકત કેસમા અરજદાર જ્યોત્સનાબેન ખુંટ વતી રાજકોટના એડવોકેટ સુરેશ ફળદુ, ભુવનેશ શાહી, કૃણાલ શાહી, ચેતન ચોવટીયા, યુવરાજ વેકરીયા, જસ્મીન દુધાગરા, ભાવીન ખુંટ, જય પીઠવા, સાહીલ કંટારીયા તથા મદદમા નીરવ દોંગા, આર્યન કોરાટ, જયમલ મકવાણા, રાહીલ ફળદુ તથા હાઈકોર્ટમાં પ્રતિકભાઈ જસાણી રોકાયેલ હતા.



એડવોકેટ
સુરેશ ફળદુ







# ઉપલેટામાં જૂની અદાવતમાં બે જૂથ વચ્ચે સશસ્ત્ર અથડામણ

**સિટી ન્યૂઝ@ ઉપલેટા**

### » છરી – કુહાડીના ઘા ઝીકી યુવકની આંગળી કાપી નાખી, ચારને ઈજા : બંને પક્ષે સાત સામે ગુનો

ઉપલેટાના નાગનાથ ચોકમાં સમીસાંજે મુસ્લિમ સમુદાયના બે જૂથે સામ-સામી કાર અથડાવી બાદ સશસ્ત્ર વડે સામ-સામે હુમલો કર્યો હતો.જેમાં એક વ્યકિતની આંગળીઓ કપાઈ ગઈ હતી.જયારે સામા પક્ષના બે લોકોને પણ હુમલામાં ઈજા પહોંચતા સારવાર હેઠળ વિવિધ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે બનાવના પગલે વિસ્તારમાં થયેલી મારામારીને લઈ સન્નાટો મચી જવા પામ્યો છે. હાલ પોલીસે બન્ને પક્ષના ૭ શખ્સો વિરુદ્ધ સામસામે ફરિયાદ નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ઉપલેટા પંચાતડી ચોક વિસ્તારમાં રહેતા દિલાવર ઓસમાણ હિંગોડા સંધિ અને યાસીન હારુન કટારીયા ખાટકી વચ્ચે છેલ્લા ઘણા સમયથી વિવાદ અને મનદુખ ચાલતા હતા આજે સાંજના સાત કલાકે આ બંનેનો નાગનાથ ચોકમાં ભેટો થઈ જતા એકબીજા ઉપર છરી વડે હુમલો કરવામાં આવેલ હતો આ હુમલામાં દિલાવર ઓસમાણ હિંગોળાની હાથની આંગળીઓમાં લાગી જતાં આંગળીઓ જુદી પડી ગયેલી હતી જ્યારે યાસીન હારુન કટારીયા ને પણ ઈજા થતાં બંનેને ઉપલેટા ખાનગી હોસ્પિટલમાં જુદા જુદી જગ્યાએ દાખલ કરેલ છે બનાવની જાણ થતા ઉપલેટા પોલીસ મથકના પીઆઇ ધાંધલ સહિતનો સ્ટાફ ઘટના સ્થળે દોડી જઈ જરૂરી કાર્યવાહી કરી બન્ને પક્ષની સામ-સામી ફરિયાદ નોંધવા કવાયત હાથ ધરી છે. ગુનો નોંધાયા બાદ કયાં વિવાદને લઈ ધીગાંણુ થયું તે અંગેની સમગ્ર વિગતો પ્રકાશમાં આવશે બનાવ અંગેની ફરીયાદ પરથી ઉપલેટા પોલીસે બંને જૂથની ફરીયાદ લઈ હત્યાના પ્રયાસની કલમ હેઠળ કુલ સાત શખ્સો સામે ગુનો નોંધી પીઆઈ હેમેન્દ્ર ધાંધલ અને ટીમે તપાસ આદરી હતી.

# નાના મવા ખૂન કેસમાં ફાયરિંગ કરાયેલું ખાલી ખોખું દેવળિયાથી કબ્જે

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટના નાનામવામાં નજીવી બાબતમાં ક્ષત્રિય યુવાન કૃષ્ણસિંહ જાડેજાની ફાયરિંગ કરી નિર્મમ હત્યા કરવાના ગુનામાં પકડાયેલા નવલનગરના રણજીત વાળાને પોલીસે ૩ દિવસના રિમાન્ડ પર લઈ આગવી ઢબે પૂછપરછ કરતા પોલીસને ગોંટે ચડાવવા પ્રયાસ કરતા પોલીસે ઊંડી તપાસ હાથ ધરી છે. રીઢા ગુનેગાર રણજીત વાળાએ હથિયારમાં એક મૃતકનું અને એક અન્ય શખ્સના નામની કબૂલાત કરતા પોલીસે તેને ઉઠાવી લેવા ટીમ રવાના કરી છે.

### બેમાંથી એક હથિયાર મૃતક પાસેથી ખરીધાની રણજિત વાળાની કબૂલાત

તપાસનીશ અધિકારી પીઆઈ એમ.એલ.ડામોરે જણાવ્યું હતું કે, આરોપી રણજીત વાળાના ફાયરિંગના એક ગુમ કેસ(ખોખા) બાબતે પૂછપરછ કરતા દેવળિયા ગામેથી કાઢી આપ્યું છે જે કબજે કરી એફએસએલમાં મોકલાશે. જ્યારે આરોપી પાસેથી હત્યામાં વપરાયેલા સહિત કુલ બે ગેરકાયદે હથિયારો મળી આવ્યા હોય જે બાબતે પૂછપરછ કરતા મૃતકના નામ આપી પોલીસને ગોંટે ચડાવવા પ્રયાસ કર્યો હતો જ્યારે બીજા એક હથિયાર બાબતે એક શખ્સનું નામ કબૂલતા તેને લેવા પોલીસની એક ટીમ દોડી ગઈ છે અને રણજીત વાળા સાચું બોલે છે કે ખોટું તે આ કથિત હથિયાર સપ્લાયર પકડાયા બાદ બહાર આવશે.

# સરગમ ક્લબમાં ત્રણ દિવસ સંગીત સંધ્યાનું આયોજન

## ઈવનિંગ પોસ્ટના સિનિયર સિટીઝન માટે 18, 25 અને 26 જુલાઈએ વિવિધ મ્યુઝિકલ ગ્રુપ રજૂ કરશે સુમધુર સંગીત, આઈકાર્ડ સાથે જ મળશે પ્રવેશ

સિટી ન્યૂઝ@રાજકોટ

સરગમ ક્લબ સંચાલિત ઈવનિંગ પોસ્ટ સિનિયર સિટીઝન પાર્ક ખાતે સભ્યો માટે ત્રણ દિવસીય સંગીત સંધ્યાનું વિશેષ આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમો ૧૮ જુલાઈ, ૨૫ જુલાઈ અને ૨૬ જુલાઈના રોજ સાંજે ૫:૩૦ વાગ્યે યોજાશે, જેમાં સભ્યોને સંગીતની મોજ માણવાનો અવસર મળશે. પ્રથમ કાર્યક્રમ ૧૮ જુલાઈના રોજ "ફનકાર મ્યુઝિકલ ગ્રુપ" દ્વારા રજૂ કરવામાં આવશે, જેમાં વિવિધ લોકપ્રિય ગીતો રજૂ થશે. ત્યારબાદ ૨૫ જુલાઈના રોજ "મ્યુઝિકલ લવર્સ ગ્રુપ" અને ૨૬ જુલાઈના રોજ "સિગ્નેચર મ્યુઝિકલ ગ્રુપ" દ્વારા સંગીતની મોજ કરાવવામાં આવશે, જે સિનિયર સિટીઝન માટે યાદગાર ક્ષણો સર્જશે. સરગમ ક્લબ દ્વારા જણાવવામાં આવ્યું છે કે ઈવનિંગ પોસ્ટના સભ્યોને માત્ર માન્ય આઈકાર્ડના આધારે જ પ્રવેશ આપવામાં આવશે. તમામ સભ્યોએ આઈકાર્ડ સાથે લાવવું ફરજિયાત રહેશે અને આઈકાર્ડ વગર કોઈને પ્રવેશ આપવામાં આવશે નહીં. કાર્યક્રમનો સંપૂર્ણ લાભ લેવા તમામ સભ્યોને સમયસર ઉપસ્થિત રહેવા અનુરોધ કરવામાં આવ્યો છે. કાર્યક્રમને સફળ બનાવવા માટે સરગમ ક્લબના પ્રમુખ ગુણવંત ડેલાવાળા, ઈવનિંગ પોસ્ટના ઈન્ચાર્જ મનસુખ મકવાણા, સહ ઈન્ચાર્જ જયપાલસિંહ ઝાલા, હરનેશ સોલંકી, સાઈનાબેન સંધિ, વિજય ગોસ્વામી, ડૉ. હરીશ ચંદારાણા સહિતના કાર્યકરો સતત જહેમત ઉઠાવી રહ્યા છે અને આયોજનને સફળ બનાવવા માટે પ્રયત્નશીલ છે.






# અષાઢી બીજે જય ગણેશ હિરોએ 101 ઈલેક્ટ્રિક સ્કૂટરની ડિલિવરી કરી

## પાવન દિવસે વિડા બ્રાન્ડની ઈલેક્ટ્રિક સ્કૂટરો ગ્રાહકોને સુપરત, ગ્રીન રાજકોટના સંકલ્પને મળ્યો વેગ

સિટી ન્યૂઝ@રાજકોટ

રાજકોટમાં જય ગણેશ હિરો દ્વારા અષાઢી બીજના પાવન અવસરે હિરો મોટોકોર્પની પ્રીમિયમ બ્રાન્ડ વિડાની ૧૦૧ ઈલેક્ટ્રિક સ્કૂટરની ભવ્ય ડિલિવરી કરવામાં આવી હતી. આરપીજે હોટલ ખાતે યોજાયેલા સમારોહમાં રાજકોટના મેયર નેહલ શુકલના હસ્તે ગ્રાહકોને સ્કૂટરની ચાવી અર્પણ કરવામાં આવી હતી. કાર્યક્રમમાં વિડા કંપનીના નિખિલ, સર્વિસ એન્જિનિયર રાહુલ પટેલ તેમજ જય ગણેશ હિરો (વિડા)ના ચેરપર્સન અશોક પટેલ સહિત અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

જય ગણેશ હિરો દ્વારા રાજકોટને હરિયાળું અને પ્રદૂષણમુક્ત શહેર બનાવવા માટે ઈલેક્ટ્રિક વાહનોના ઉપયોગને પ્રોત્સાહન આપતું વિશેષ અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. આ પ્રસંગે ગ્રાહકોનો આભાર વ્યક્ત કરતાં અશોક પટેલે જણાવ્યું હતું કે પર્યાવરણને અનુકૂળ પરિવહનને પ્રોત્સાહન આપવાનો કંપનીનો મુખ્ય ઉદ્દેશ છે. ગ્રાહકોએ વિડા બ્રાન્ડ પર વ્યક્ત કરેલો વિશ્વાસ રાજકોટમાં ઈલેક્ટ્રિક વાહનો પ્રત્યે લોકોના વધતા વિશ્વાસનું પ્રતિબિંબ છે. વિડા સ્કૂટરના આધુનિક ફીચર્સ, આકર્ષક લુક અને ઉત્તમ માઈલેજ ગ્રાહકોને આકર્ષી રહ્યા હોવાનું તેમણે જણાવ્યું હતું. કાર્યક્રમમાં ઉપસ્થિત મેયર નેહલ શુકલે જણાવ્યું હતું કે રાજકોટને ગ્રીન અને પ્રદૂષણમુક્ત બનાવવા માટે વધુમાં વધુ લોકોએ ઈલેક્ટ્રિક વાહનોનો ઉપયોગ કરવો જોઈએ. ઈલેક્ટ્રિક વાહનોના વધતા ઉપયોગથી પર્યાવરણનું જતન થશે, લોકોના સ્વાસ્થ્યને લાભ મળશે તેમજ ઈંધણના ખર્ચમાં ઘટાડો થતાં આર્થિક બચત પણ થશે.



# જૈન વિઝને મયુર શાહનું ભવ્ય સન્માન કર્યું

સિટી ન્યૂઝ@રાજકોટ

જૈન વિઝન પરિવાર દ્વારા રાજકોટ શહેર ભાજપના કોષાધ્યક્ષ મયુર શાહનું ધાર્મિક અને સામાજિક ક્ષેત્રે આપેલા યોગદાન બદલ સન્માન કરવામાં આવ્યું હતું. જૈન સમાજના અગ્રણીઓની ઉપસ્થિતિમાં યોજાયેલા કાર્યક્રમમાં તેમની સેવાભાવનાને બિરદાવવામાં આવી હતી.મનોજ ડેલીવાળા અને મિલન કોઠારીએ જણાવ્યું હતું કે મયુર શાહ સંગઠન અને સહકારનું ઉત્તમ ઉદાહરણ છે. પંચનાથ હોસ્પિટલ, જૈન ભોજનાલય તેમજ માનવ અને અબોલ જીવોની સેવા સહિત વિવિધ ક્ષેત્રોમાં તેઓ સક્રિય રહે છે. મયુર શાહની રાજકોટ શહેર ભાજપમાં સતત બીજી વખત કોષાધ્યક્ષ તરીકે વરણી થઈ છે. ઉપરાંત તેઓ રૂડા નગર જૈન સંઘના પ્રમુખ તરીકે પણ પસંદ થયા છે. ભાજપ સંગઠનમાં જૈન સમાજના પ્રતિનિધિ તરીકે તેમની પસંદગી ગૌરવની બાબત ગણાઈ છે. તેઓ રાજકોટ એરપોર્ટ એડવાઈઝરી કમિટીના સભ્ય તરીકે પણ સેવા આપી રહ્યા છે. જૈન સમાજના વિવિધ ધાર્મિક કાર્યક્રમોમાં તેમની સક્રિય ભૂમિકાની પ્રશંસા કરવામાં આવી હતી.

# કોંગ્રેસના પૂર્વ વિરોધપક્ષના નેતા કેયુર મસરાણીનો જન્મદિવસ

સિટી ન્યૂઝ@રાજકોટ



રાજકોટ મહાનગરપાલિકાના કોંગ્રેસના પૂર્વ વિરોધપક્ષના નેતા કેયુર મસરાણી આજે જન્મદિવસ ઉજવી રહ્યા છે. ૧૭ જુલાઈ, ૧૯૭૭ના રોજ જન્મેલા મસરાણીએ જીવનના ૪૯ વર્ષ પૂર્ણ કરીને ૫૦મા વર્ષમાં પ્રવેશ કર્યો છે. તેમના જન્મદિવસે રાજકીય આગેવાનો, કાર્યકરો અને શુભેચ્છકો તરફથી શુભકામનાઓ પાઠવાઈ રહી છે.કેયુર મસરાણીએ કોંગ્રેસમાં વિવિધ જવાબદારીઓ નિભાવી છે. તેમણે ફરિયાદ સેલના પ્રમુખ, યુથ કોંગ્રેસના મહામંત્રી તેમજ રાજકોટ શહેર કોંગ્રેસના મહામંત્રી તરીકે સેવા આપી છે. ઉપરાંત તેઓ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના સભ્ય પણ રહ્યા છે.રાજકોટ મહાનગરપાલિકામાં વોર્ડ નં. ૮માંથી કોર્પોરેટર તરીકે ચૂંટાઈ આવ્યા બાદ તેમણે વિરોધપક્ષના નેતા તરીકે જનપ્રશ્નોને વાચા આપી હતી. તેમના યોગદાનને કારણે તેઓ કાર્યકરો અને નાગરિકોમાં આગવી ઓળખ ધરાવે છે. જન્મદિવસ નિમિત્તે તેમના મોબાઈલ નંબર 9825399302 પર શુભેચ્છાઓ મળી રહી છે.

## ચાર પેઢીની સેવા | કેશુભાઈ મહેતા આંખની હોસ્પિટલનો ગૌરવશાળી વારસો

# 121 વર્ષથી અડીખમ હોસ્પિટલ જ્યાં સેવા એવી કે આંખો નહીં, જિંદગી પ્રકાશિત થાય!

## 121 વર્ષની સેવા યાત્રા પ્રસંગે રાજકોટ અને સૌરાષ્ટ્રમાં નિઃશૂલ્ક નેત્ર નિદાન કેમ્પના આયોજન : શરૂઆત રાજકોટ સેન્ટ્રલ જેલથી કરશે

સિટી ન્યૂઝ@રાજકોટ




રાજકોટની જાણીતી અને સૌરાષ્ટ્રની વિશ્વસનીય આંખની સારવાર કરતી કેશુભાઈ મહેતા આંખની હોસ્પિટલ જે ગુજરાતની અગ્રગણ્ય હોસ્પિટલોમાં સ્થાન ધરાવે છે, તેને આ વર્ષે પોતાની સ્થાપનાના ગૌરવપૂર્ણ ૧૨૧ વર્ષ પૂર્ણ થઈ રહ્યા છે. વર્ષ ૧૯૦૫માં સ્થાપાયેલી આ હોસ્પિટલ માત્ર એક તબીબી સંસ્થા નથી, પરંતુ ચાર પેઢીઓથી અવિરત સેવા વિશ્વાસ, નૈતિકતા અને આંખની આધુનિક સારવારનો જીવંત વારસો છે.

૧૨૧ વર્ષની સેવા યાત્રાના ભાગરૂપે આગામી સમયમાં રાજકોટ અને સૌરાષ્ટ્ર આસપાસના વિસ્તારોમાં નિશુલ્ક નેત્ર નિદાન કેમ્પના આયોજન થવા જઈ રહ્યા છે, જે પૈકીનો પ્રથમ કેમ્પ રાજકોટ સેન્ટ્રલ જેલ ખાતે અને ત્યારબાદ રાજકોટ મેસોનિક હોલ ખાતે યોજાશે. માનનીય ધારાસભ્ય રમેશભાઈ ટીલાળા તથા નિર્વાણ વેલફેર ફાઉન્ડેશનના સંયુક્ત ઉપક્રમે યોજાનારા આ કેમ્પમાં જરૂરિયાતમંદ દર્દીઓને વિનામૂલ્યે મોતિયાનું ઓપરેશન તથા નેત્રમણી લેન્સ આરોપણ જરૂરિયાત મુજબ બેતાલાના ચશ્માની ફ્રેમનું વિનામૂલ્યે વિતરણ તેમજ નિષ્ણાત નેત્રરોગ તબીબો દ્વારા આંખોની તપાસ, નિદાન અને યોગ્ય માર્ગદર્શન ઉપલબ્ધ કરાવવામાં આવશે. આ સેવાકીય પહેલનો લાભ લેવા માટે સર્વે જરૂરિયાતમંદ નાગરિકોને અપીલ કરવામાં આવી છે. કેમ્પ અંગે વધુ માહિતી અને રજિસ્ટ્રેશન માટે ૮૯૮૦૯ ૦૩૦૩૪ પર સંપર્ક કરી શકાશે.

ડૉ. કેશુભાઈ મહેતાના પુત્ર ડૉ. હેમેન્દ્રભાઈ જરૂરિયાતમંદોની નિસ્વાર્થ સેવા માટે સમર્પિત રહ્યા હતા અને સમયાંતરે આરોગ્ય શિબિરોનું આયોજન કરીને સેવાભાવની ઉજ્જવળ પરંપરા સ્થાપી હતી. તેમની નમ્રતા. કરુણા અને સેવાપ્રવૃત્તિ તેમના જમાઈ મનોજભાઈ તુરખિયા માટે પણ પ્રેરણારૂપ બની હતી. હવે આ જ સેવાપરંપરાને આગળ ધપાવતા મનોજભાઈ તુરખિયાએ જરૂરિયાતમંદ દર્દીઓ માટે નેત્રમણી આરોપણમાં ઉદાર આર્થિક સહયોગ આપવાનો સંકલ્પ કર્યો છે.

આ નિશુલ્ક નેત્ર નિદાન કેમ્પના આયોજનમાં ધારાસભ્ય ડૉ દર્શિતાબેન શાહ, રાજકોટ જિલ્લા ભાજપ પ્રમુખ

**સૌરાષ્ટ્રની એકમાત્ર આંખની હોસ્પિટલ જેને NABA ની પૂર્ણ માન્યતા પ્રાપ્ત છે**

અલ્પેશભાઈ ઢોલરિયા, રાજકોટ જિલ્લા ભાજપ અગ્રણી એડવોકેટ નિલેશભાઈ દોશી, સાગરભાઈ તોતલાણી, ડૉ. અમિતભાઈ હાપાણી અને ડો. ડી. જી. પટેલ સહિતના મહાનુભાવોનું વિશેષ માર્ગદર્શન અને સહયોગ સાંપડયો છે. ડૉ. અજય મહેતા દ્વારા આ સેવાકીય પહેલ થકી વધુમાં વધુ જરૂરિયાતમંદ નાગરિકો સુધી ગુણવત્તાયુક્ત આંખની સારવાર પહોંચાડવાનો સંકલ્પ વ્યક્ત કરવામાં આવ્યો છે અને જરૂરિયાતમંદ લોકોને આગામી સમયમાં યોજાનાર કેમ્પના લાભ લેવા અનુરોધ કરવામાં આવે છે.

કેશુભાઇ મહેતા હોસ્પીટલના મુખ્ય સંચાલક ડો. અજયભાઇ મહેતાએ મિડિયા સાથેની વાતમાં જણાવ્યું હતું. કે એક સદીથી વધુ સમય પહેલાં ડૉ. નરસિંહભાઈ દ્વારા આ સંસ્થાની પાયાની શરૂઆત કરવામાં આવી હતી.ત્યારબાદ ડૉ. કેશુભાઈ મહેતાએ આ હોસ્પિટલના મૂળને મજબૂત બનાવ્યા અને આંખની સારવારને સમાજસેવા સાથે જોડવાનો ઉમદા સંકલ્પ આગળ વધાર્યો. આ સેવાયાત્રાને તેમના પુત્ર અને આંખના નિષ્ણાત ડૉ. ભરતભાઈ અને ડો. હેમેન્દ્રભાઈએ વધુ સમૃદ્ધ બનાવી. આજે આ ગૌરવશાળી પરંપરાને ડૉ. કેશુભાઈ મહેતાના પૌત્ર ડૉ. અજય મહેતા અને પૌત્રવધૂ ડૉ. તેજલ મહેતા નવી દિશા, નવી ટેક્નોલોજી અને આધુનિક તબીબી અભિગમ સાથે આગળ વધારી રહ્યા છે.

કેશુભાઈ મહેતા આંખની હોસ્પિટલ આજે રાજકોટ અને સૌરાષ્ટ્રમાં આંખની નિદાન, સારવાર અને સર્જરી માટે નામના ધરાવે છે. હોસ્પિટલમાં આંખના સામાન્ય અને અત્યાધુનિક નિદાન પરીક્ષણો, આધુનિક સર્જરી સુવિધાઓ, નિષ્ણાત તબીબો અને દર્દીકેન્દ્રિત સારવાર વ્યવસ્થા ઉપલબ્ધ છે. દર વર્ષે લાખો દર્દીઓ અહીં આંખની સારવારનો લાભ મેળવે છે અને હજારો સફળ સર્જરીઓ દ્વારા દર્દીઓના જીવનમાં ફરી પ્રકાશ પાથરવાનો સેવાયજ્ઞ સતત આગળ વધી રહ્યો છે. હોસ્પિટલનું વિશેષ ગૌરવ એ છે કે કેશુભાઈ મહેતા આંખની હોસ્પિટલ સૌરાષ્ટ્રની એકમાત્ર આંખની હોસ્પિટલ છે, જેને નેશનલ એક્રિડિએશન બોર્ડ ફોર હોસ્પિટલ્સ એન્ડ હેલ્થકેર પ્રોવાઈડર દ્વારા પૂર્ણ માન્યતા પ્રાપ્ત છે. આ માન્યતા હોસ્પિટલની ગુણવત્તાયુક્ત સારવાર, સુરક્ષા ધોરણો, વ્યવસ્થાપન અને દર્દી પ્રતિબદ્ધતાનો મજબૂત પુરાવો છે.ડૉ. નરસિંહભાઈ ટી. મહેતા અને ડૉ. કેશુભાઈ એન મહેતાના મૂલ્યો પરથી પ્રેરણા લઈ હોસ્પિટલ આજે પણ સમાજ પ્રત્યેની જવાબદારી, તબીબી નૈતિકતા અને માનવસેવાના ભાવ સાથે કાર્યરત છે. ૧૨૧ વર્ષ પૂર્ણ થવા નિમિત્તે કેશુભાઈ મહેતા આંખની હોસ્પિટલનો આ પ્રવાસ રાજકોટ અને સૌરાષ્ટ્ર માટે ગૌરવની વાત છે અને આવનારા સમયમાં પણ હોસ્પિટલ દ્રષ્ટિ સંભાળ ક્ષેત્રે વિશ્વાસ, સેવા અને આધુનિકતાનું પ્રતીક બની રહેશે.



# જગતનિયંતા સાથેનો સંબંધ દરેક ક્ષણનો હોવો જોઈએ : માંધાતાસિંહ જાડેજા

## રાજકોટ રાજ પરિવારના નેતૃત્વમાં જલાભિષેક, પહીંદવિધિ સાથે 26 કિમી લાંબી જગન્નાથ રથયાત્રાનું ભવ્ય પ્રસ્થાન, રણજીત વિલાસ પેલેસ ખાતે ઠાકોરજીને વિશ્રામ અપાયો













**સિટી ન્યૂઝ@રાજકોટ**

અષાઢી બીજના પાવન અવસરે રાજકોટ રાજ પરિવારના મોભી માંધાતાસિંહ જાડેજાના નેતૃત્વમાં ભગવાન જગન્નાથજીની ભવ્ય રથયાત્રાનું જલાભિષેક અને પહીંદવિધિ સાથે પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું. આ પ્રસંગે તેમણે જણાવ્યું હતું કે, "જગતનિયંતા સાથેનો સંબંધ માત્ર સંકટના સમયનો નહીં પરંતુ પ્રત્યેક ક્ષણનો હોવો જોઈએ. જીવનમાં પ્રભુ સાથેનો અખંડ સંબંધ જ સાચી સમૃદ્ધિ અને સુખનો આધાર છે."

રાજકોટના જગન્નાથ મંદિરથી શરૂ થયેલી ભારતની સૌથી લાંબી ગણાતી ૨૬ કિલોમીટરની રથયાત્રામાં યુવરાજ જયદીપસિંહ જાડેજાએ ભગવાન જગન્નાથજી, બલરામજી અને સુભદ્રાજીને નિજમંદિરમાંથી રથમાં બિરાજમાન કરાવવાની વિધિ સંપન્ન કરી હતી. ત્યારબાદ માંધાતાસિંહ જાડેજાએ પરંપરાગત પહીંદવિધિ કરીને રથયાત્રાને પ્રસ્થાન કરાવ્યું હતું. સમગ્ર કાર્યક્રમ દરમિયાન વૈદિક મંત્રોચ્ચાર, પંચામૃતાભિષેક, પુષ્પવર્ષા અને જયઘોષ વચ્ચે ભક્તિમય વાતાવરણ સર્જાયું હતું. રથયાત્રાના પ્રારંભ પ્રસંગે જગન્નાથ મંદિરના મહંત મનમોહનદાસજી, સાંસદ પરષોત્તમ રૂપાલા, મેયર ડૉ. નેહલ શુક્લ, ધારાસભ્યો ભાનુ બાબરિયા અને રમેશ ટીલાળા, શહેર ભાજપ પ્રમુખ માધવ દવે, નિતિન ભારદ્વાજ, પોલીસ કમિશનર બ્રિજેશકુમાર ઝા, ડીસીપી જગદીશ બાંગરવા, ડીસીપી રાકેશ દેસાઈ સહિત સંતો-મહંતો અને મોટી સંખ્યામાં ભક્તો ઉપસ્થિત રહ્યા હતા.

શહેરના વિવિધ વિસ્તારોમાંથી પસાર થયેલી રથયાત્રાનું લાખાજીરાજ ભવન ખાતે ડૉ. કલાધર આર્ય તથા વેપારી મંડળના આગેવાનો દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યારબાદ રથયાત્રા શ્રી રણજીત વિલાસ પેલેસ પહોંચી હતી, જ્યાં માંધાતાસિંહ જાડેજા અને યુવરાજ જયદીપસિંહ જાડેજાએ સંતો-મહંતોનું પુષ્પહારથી સ્વાગત કર્યું હતું. રાજમાતા માનકુમારી દેવી, પ્રેમીલા અને શાંતિદેવીએ મહેલના ઝરૂખામાંથી ત્રણેય રથ પર પુષ્પવર્ષા કરી હતી. સમગ્ર રાજ પરિવારે વૈદિક વિધિ સાથે ભગવાન જગન્નાથજીનું પૂજન-અર્ચન કરીને સંતો-મહંતો અને રથયાત્રીઓ માટે મહાપ્રસાદની વ્યવસ્થા કરી હતી.

સમરસતા, એકતા અને "વસુધૈવ કુટુંબકમ"ના સંદેશ સાથે નીકળેલી આ ભવ્ય રથયાત્રાએ સમગ્ર રાજકોટ શહેરને ભક્તિમય માહોલમાં રંગી દીધું હતું.

# લાખાપાદરમાં જળસંચયનો હુંકાર

## ગીરગંગા દ્વારા જળસંચય જાગૃતિ બેઠક સંપન્ન

સિટી ન્યૂઝ@રાજકોટ

અમરેલી જિલ્લાના કુકાવાવ તાલુકાના લાખાપાદર ગામે જળસંચયના ઉમદા હેતુ સાથે તાજેતરમાં ગીરગંગા પરિવાર ટ્રસ્ટ દ્વારા એક ભવ્ય જળસંચય જાગૃતિ મોર્ટિંગનું આયોજન કરવામાં આવ્યું હતું આ પ્રસંગે ગામના જાગૃત સરપંચ અને ગ્રામજનોને જળશક્તિનું મહત્વ સમજાવવા અને આગામી સમયમાં પાણીની સમસ્યાના કાયમી ઉકેલ માટે પાયાની ચર્ચાઓ કરવામાં આવી હતી.

ભરતભાઈ ટીલવા (ડી.એલ.વાલ્ચ) એ પણ પાણીના મહત્વ અને તેના કરકસરભર્યા ઉપયોગ વિશે ગ્રામજનોને વિગતવાર માહિતી આપી હતી. તેમણે જણાવ્યું હતું કે, પાણી એ માત્ર ખેતી માટે જ નહીં પરંતુ સમગ્ર જીવસૃષ્ટિનો આધાર છે. જળ સંચયના પ્રકલ્પો થકી જ ગામડાઓને આત્મનિર્ભર બનાવી શકારો, બેઠકમાં ઉપસ્થિત સૌ ગ્રામજનોએ આ જળ અભિયાનને વેગ આપવા અને ટ્રસ્ટની કામગીરીમાં ખભેખભા મિલાવીને સાથે આપવાનો ઉત્સાહપૂર્વક સંકલ્પ કર્યો હતો.

ગીરગંગા પરિવાર ટ્રસ્ટના અગ્રણી ભાવેશભાઈ સખીયા એ પ્રાસંગિક પ્રવચન આપતા જણાવ્યું હતું કે, "ગામનું પાણી ગામમાં અને સીમનું પાણી સીમમાં રોકવું એ આજના સમયની સૌથી મોટી જરૂરિયાત છે. જો આપણે અત્યારથી જ ચેકડેમો અને તળાવોના ઊંડા ઉતારવાના તેમજ રિચાર્જ કરવાના કાર્યોમાં સહભાગી નહીં થઈએ, તો આવનારી પેઢી માટે મોટું સંકટ ઊભું થશે. તેમણે ટ્રસ્ટ દ્વારા થતી કામગીરીની રૂપરેખા આપી લોકભાગીદારી વધારવા હાકલ કરી હતી.

**» ગામનું પાણી ગામમાં અને સીમનું પાણી સીમમાં રોકીને જળસ્તર ઉંચા લાવવા દિલીપભાઈ સખીયાનું પ્રેરક આહવાન**

દિલીપભાઈ સખીયાએ નિર્દેશ કર્યો હતો કે, વરસાદી પાણીને જમીનમાં ઉતારવા માટે ખેત તલાવડી, બોર સ્થિાર્જ અને ચેકડેમ જેવા માધ્યમો અપનાવવા અનિવાર્ય છે. જમીનમાં પાણીના તળ ઊંચા આવશે, ત્યારે જ સૌરાષ્ટ્ર અને ગુજરાત સાચા અર્થમાં સમૃદ્ધ બનશે. જળસંચય એ કોઈ વ્યક્તિગત કાર્ય નથી, પણ એક સામાજિક જવાબદારી છે અને સમૂહશક્તિ દ્વારા જ આપણે આ જળસંચયને સફળ બનાવી શકીશું.

આ બેઠકમાં ગામના અનિલભાઈ ગજેરા, હરિભાઈ રવજીભાઈ ગજેરા, ધનશ્યામભાઈ અરવિંદભાઈ ગજેરા, પરેશભાઈ ધીરુભાઈ ગજેરા, રજનીભાઈ સ્વજીભાઈ સારા સહિતના મહાનુભાવો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ મીટીંગમાં ગીરગંગા પરિવાર ટ્રસ્ટના પ્રમુખ દિલીપભાઈ સખીયા, ભાવેશભાઈ સખીયા, ભરતભાઈ ટીલવા, ગીરધરભાઈ રૈયાણી, અરવિંદભાઈ ડોબરિયા, રમેશભાઈ ધાનાણી વગેરે લોકો મીટીંગમાં હાજર રહેલ.




**IPO DETAILS**

| COMPANY NAME | OPEN | CLOSE | OFFER PRICE | SHARES | AMOUNT |
|---|---|---|---|---|---|
| CALIBER MINING & LOGISTICS | 17/7 | 21/7 | 402 - 424 | 35 | 14,840 |

**SME DETAILS**

| COMPANY NAME | OPEN | CLOSE | OFFER PRICE | SHARES | AMOUNT |
|---|---|---|---|---|---|
| SOTEFIN BHARAT | 16/7 | 20/7 | 178 - 187 | 1200 | 2,24,400 |
| GULF LLOYDS (INDIA) | 20/7 | 22/7 | 100 | 2400 | 2,40,000 |
| METALIC TECHNOFORGE | 21/7 | 23/7 | 72 - 77 | 3200 | 2,46,400 |
| SHREE BALAJI (MALA) TEXTILES | 22/7 | 24/7 | 66 - 70 | 4000 | 2,80,000 |

## આજના કંપની વિશેના નવીનતમ સમાચાર

- વિપ્રો લિ.ને 30 જૂન, ૨૦૨૬ ના અંતે પૂરા થયેલા ત્રિમાસિક ગાળામાં રૂ.3,૩૫૬.૩ કરોડનો ચોખ્ખો નફો થયો છે, જે ગત વર્ષના સમાન ગાળાના અંતે રૂ.૩,૩૩૬.૫ કરોડ થયો હતો. કુલ આવક રૂ.૨૩,૨૦૧.૧ કરોડથી વધીને રૂ.૨૫,૪૫૭.૬ કરોડ થઈ છે.
- JIO FINANCIAL SERVICES ૧૬ જુલાઈ, ૨૦૨૬ ના રોજ તેના Q૧ FY૨૭ ના નાણાકીય પરિણામો જાહેર કર્યા છે ચોખ્ખો નફોઃ વાર્ષિક ધોરણે ૧૫૬% ના ઉછાળા સાથે ૮30 કરોડ રહ્યો, જે ગયા વર્ષના સમાન ક્વાર્ટરમાં ૩૨૫ કરોડ હતો. ત્રિમાસિક ધોરણે નફામાં ૨૦૫% નો મોટો વધારો થયો છે. ઓપરેશન્સમાંથી આવકઃ વાર્ષિક ધોરણે ૨૨૭% વધીને ૨,00૪ કરોડ પર પહોંચી છે, જે ગયા વર્ષે ૬૧૨ કરોડ હતી.
- TECH MAHINDRA ૧૬ જુલાઈ, ૨૦૨૬ ના રોજ તેના Q૧ FY૨૭ ના નાણાકીય પરિણામો જાહેર કર્યા છે ચોખ્ખો નફોઃ વાર્ષિક ધોરણે ૨૮.૪% ના વધારા સાથે ૧,૪૬૫ કરોડ રહ્યો, જે ગયા વર્ષના સમાન ક્વાર્ટરમાં ૧,૧૪૧ કરોડ હતો. ત્રિમાસિક ધોરણે નફામાં ૮.૨% નો ગ્રોથ નોંધાયો છે. ઓપરેશન્સમાંથી આવકઃ વાર્ષિક ધોરણે ૧૭.૭% વધીને ૧૫,૭૧૨ કરોડ પર પહોંચી છે. ત્રિમાસિક ધોરણે આવકમાં ૪.૨% નો વધારો થયો છે.
- BHARAT HEAVY ELECTRICALS ૧૬ જુલાઈ, ૨૦૨૬ ના રોજ તેના Q૧ FY૨૭ ના નાણાકીય પરિણામો જાહેર કર્યા છે ચોખ્ખો નફોઃ ૩૭૬.૭૧ કરોડ નો કોન્સોલિડેટેડ ચોખ્ખો નફો નોંધાવ્યો છે. ગયા વર્ષના સમાન ક્વાર્ટરમાં (Q૧ FY૨૬) કંપનીને ૪૫૫.૫૦ કરોડનું મોટું નુકસાન થયું હતું. ઓપરેશન્સમાંથી આવકઃ વાર્ષિક ધોરણે ૪૦.૨૯% ના ઉછાળા સાથે ૭,૬૯૭.૭૨ કરોડ પર પહોંચી છે, જે ગયા વર્ષે ૫,૪૮૬.૯૧ કરોડ હતી. કુલ આવકઃ વાર્ષિક ધોરણે ૩૯.૮૩% વધીને ૭,૯૧૧.૮૬ કરોડ થઈ છે.
- POLYCAB INDIA ચોખ્ખો નફોઃ વાર્ષિક ધોરણે ૩૨.૮૫% ના વધારા સાથે ૭૯૬.૬૫ કરોડ નોંધાયો છે, જે ગયા વર્ષના સમાન ત્રિમાસિક ગાળામાં ૫૯૯.૭0 કરોડ હતો. જોકે, માર્ચ ક્વાર્ટર (Q૪ FY૨૬) ના ૧,0૪૯.૨૯ કરોડની સરખામણીએ નફામાં ત્રિમાસિક ધોરણે ૨૪.0૮% નો ઘટાડો થયો છે. ઓપરેશન્સમાંથી આવકઃ વાર્ષિક ધોરણે ૩૯% વધીને ૮,૨0૯.૭૩ કરોડ પર પહોંચી છે.
- ITC HOTELS ચોખ્ખો નફોઃ વાર્ષિક ધોરણે ૩૫.૪% ના ઉછાળા સાથે ૧૮૦.૨૫ કરોડ નોંધાયો છે, જે ગયા વર્ષના સમાન ક્વાર્ટરમાં ૧૩૩.૧૦ કરોડ હતો. જોકે, સામાન્ય સીઝનલ સ્લોડાઉનને કારણે તે અગાઉના ક્વાર્ટર (Q૪ FY૨૬) ના ૩૧૫.૯ કરોડથી ૪૩% ઘટ્યો છે. ઓપરેશન્સમાંથી આવકઃ વાર્ષિક ધોરણે ૧૪.૭૭% વધીને ૯૩૬.0૨ કરોડ પર પહોંચી છે, જે ગયા વર્ષે ૮૧૫.૫૪ કરોડ હતી. કુલ આવકઃ વાર્ષિક ધોરણે ૧૫.૬૮% ના ગ્રોથ સાથે ૯૯૪.૫૪ કરોડ થઈ છે.
- સિટી યુનિયન બેન્ક લિ.ની બોર્ડ મીટિંગ ૨૮ જુલાઈ, ૨૦૨૬ ના રોજ મળશે જેમાં 30 જૂન, ૨૦૨૬ ના અંતે પૂરા થયેલા ત્રિમાસિક ગાળા માટેના અનઓડિટેડ નાણાકીય પરિણામની સમીક્ષા કરાશે.
- મેનકાઈન્ડ ફાર્મા લિ.ની બોર્ડ મીટિંગ 30 જુલાઈ, ૨૦૨૬ ના રોજ મળશે જેમાં 30 જૂન, ૨૦૨૬ ના અંતે પૂરા થયેલા ત્રિમાસિક ગાળા માટેના અનઓડિટેડ નાણાકીય પરિણામની સમીક્ષા કરાશે.

**DISCLAIMER: અમે સેબીના રજિસ્ટર્ડ ઇન્વેસ્ટમેન્ટ એડવાઈઝર નથી અને અહીં અમે લે-વેંચની કોઈ સલાહ આપી રહ્યા નથી. આ લખાણ માત્ર માર્ગદર્શન પરતું છે. રોકાણ કરતાં પહેલાં આપનાં રજિસ્ટર્ડ ઇન્વેસ્ટમેન્ટ સલાહકારની સલાહ લેવી.**

# સિટી ન્યૂઝ

સૌરાષ્ટ્રનો ધબકાર...

## તમારી સમસ્યા હવે છુપાશે નહીં!

## તમારી કોલોની – તમારો વોર્ડ – તમારો હક

**લાઈટ** બંધ રહે છે?



**ગંદુ પાણી** આવે છે?



**રસ્તા** તૂટેલા છે?



**ગંદકી અને સફાઈની** સમસ્યા છે?



હવે સીધી ફરિયાદ કરો –
**"સિટી ન્યૂઝ રાજકોટ" સુધી!**

તમારી સમસ્યાનો
**ફોટો / વિડિયો** મોકલો

અમે તેને સંબંધિત
**અધિકારીઓ** સુધી પહોંચાડશું

**ચૂંટણી હોય કે ન હોય –**
**"સિટી ન્યૂઝ" હંમેશાં રાજકોટની પડખે!**



WhatsApp કરો:
**+91 81409 88883**

રાજકોટ

**સ્વચ્છ અને સુવિધાયુક્ત રાજકોટ માટે**
**આપનો સહકાર જરૂરી**